

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 196
Dt.: 29-03-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


### નોઈડા એરપોર્ટના ઉદ્ઘાટન સમયે બોલ્યા વડાપ્રધાન મોદી

# યુદ્ધના કારણે આખી દુનિયા પરેશાન, અફવાઓથી બચો

## વડાપ્રધાન મોદીએ રિમોટનું બટન દબાવીને જેવર એરપોર્ટનું પહેલા તબક્કાનું ઉદ્ઘાટન કર્યુંઃ આ દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર રહ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નોઈડા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે(૨૮ માર્ચ) ઉત્તરપ્રદેશના જેવરમાં નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું છે. આ એરપોર્ટ દિલ્હી-NCR વિસ્તારનું બીજું મોટું આંતરરાષ્ટ્રીય હવાઈ મથક બનશે, જેનાથી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પર મુસાફરોનો વધતો જતો ભાર ઓછો કરવામાં મોટી મદદ મળશે.

કાર્યક્રમની વિગતો મુજબ, વડાપ્રધાને સવારે લગભગ ૧૧:૩૦ વાગ્યે એરપોર્ટના ટર્મિનલ બિલ્ડિંગનું નિરીક્ષણ કર્યું હતું અને ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યે વિધિવત રીતે તેનું લોકાર્પણ કર્યું હતું. ઉદ્ઘાટન બાદ પીએમ મોદીએ એક વિશાળ જનસભાને પણ સંબોધિત કરી હતી, જેમાં તેમણે આ પ્રોજેક્ટના મહત્ત્વ અને તેનાથી થનારા વિકાસના ફાયદાઓ વિશે વાત કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રિમોટનું બટન દબાવીને જેવર એરપોર્ટનું પહેલા તબક્કાનું ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર રહ્યા. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનતાને કહ્યું કે, જેવર એરપોર્ટનું અસલી ઉદ્ઘાટન તમે લોકો કરો. તેમણે કહ્યું કે, મેં તો માત્ર પડદો હટાવ્યો છે. તમે લોકો જ ઉદ્ઘાટનના અસલી હકદાર છો. તમે મોબાઈલની લાઈટ કરીને ઉદ્ઘાટન કરો.

આ એરપોર્ટના પ્રથમ તબક્કાની ક્ષમતા વાર્ષિક અંદાજે ૧.૨ કરોડ મુસાફરોને હેન્ડલ કરવાની છે. જેવર એરપોર્ટ માત્ર મુસાફરી માટે જ નહીં પરંતુ કાર્ગો અને કનેક્ટિવિટીની દ્રષ્ટિએ પણ ઉત્તરપ્રદેશ અને આસપાસના રાજ્યો માટે ગેમ-ચેન્જર સાબિત થશે. ભવિષ્યમાં આ એરપોર્ટનો વધુ વિસ્તાર કરવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

પોતાના સંબોધન દરમિયાન વડાપ્રધાન મોદીએ મિડલ ઈસ્ટ અંગે કહ્યું કે, સરકાર એવા દરેક પગલાં ભરી રહી છે જેથી ખેડૂતો પર કોઈ બોજ ન પડે. ભારત મિડલ ઈસ્ટ (મધ્ય પૂર્વ) સંકટનો મજબૂતીથી સામનો કરી રહ્યું છે. આજે આખી દુનિયા ચિંતામાં છે, મિડલ ઈસ્ટમાં છેલ્લા એક મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે. યુદ્ધના કારણે ઘણા દેશોમાં ખાવા-પીવાની વસ્તુઓ, પેટ્રોલ, ખાતર અને અન્ય જરૂરી ચીજવસ્તુઓનું સંકટ ઊભું થયું છે અને ભાવમાં ઘણો વધારો થયો છે. દરેક દેશ આ સંકટનો સામનો કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. આપણું ભારત પણ આ સ્થિતિથી પ્રભાવિત છે. ભારત ઘણું ખરું કાચું ઓઈલ એવા વિસ્તારોમાંથી આયાત કરે છે જે આ સંઘર્ષથી પ્રભાવિત છે. તેથી સરકાર દરેક શક્ય પગલાં લઈ રહી છે જેથી આ સંકટનો



બોજ સામાન્ય જનતા પર ન પડે.

૧૪૦ કરોડ દેશવાસીઓ ખુબ મહેનત કરે અને વૈશ્વિક સંકટનો એકજુટ થઈને સામનો કરે. આપણે શાંત મનથી, ધીરજ અને એકતા રાખીને સાથે મળીને આ સંકટનો સામનો કરવાનો છે. આ સમગ્ર વિશ્વમાં મુશ્કેલી સર્જનારું સંકટ છે, આપણે પોતાના દેશની સૌથી વધુ ચિંતા કરવાની છે, અને એજ ભારતીયોની સૌથી મોટી તાકાત છે. દેશવાસીઓ મળીને આ પડકારનો સામનો કરી રહ્યા છે. લોકોને અફવાથી દૂર રહેવું જોઈએ.

આજે જ્યાં પણ મારી નજર પડી રહી છે, મને માત્ર યુવાનો જ દેખાઈ રહ્યા છે. કારણ કે યુવાનો જાણે છે કે જે કામ થઈ રહ્યું છે, તે ભવિષ્યને નવી દિશા અને નવી ઉડાન આપશે. આજે આપણે વિકસિત યુપી, વિકસિત ભારત અભિયાનના એક નવા અધ્યાયની શરૂઆત કરી રહ્યા છીએ. આજે ઉત્તરપ્રદેશ દેશનું સૌથી મોટું રાજ્ય હોવાની સાથે સાથે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ધરાવતું રાજ્ય પણ બની ગયું છે.

દેશનો સૌથી મોટો પ્રદેશ હવે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ધરાવતા રાજ્યોમાંનું એક બની ગયું છે. આજે તેમના માટે ગર્વ અને પ્રસન્નતાના બે કારણો છે. પહેલું, તેમને આ એરપોર્ટનું શિલાન્યાસ કરવાનું સૌભાગ્ય મળ્યું હતું અને હવે તેનું ઉદ્ઘાટન કરવાનું પણ સૌભાગ્ય મળ્યું છે. બીજું, જે ઉત્તરપ્રદેશે તેમને પોતાના પ્રતિનિધિ અને સાંસદ બનાવ્યા, તે જ ઉત્તરપ્રદેશની ઓળખ સાથે આ ભવ્ય એરપોર્ટનું નામ જોડાઈ ગયું છે.

પહેલા સપા સરકારમાં નોઈડાને માત્ર તેમની લૂંટનું ATM બનાવી દેવામાં આવ્યું હતું. પરંતુ આજે ભાજપની સરકારમાં તે જ નોઈડા ઉત્તરપ્રદેશના વિકાસનું સશક્ત એન્જિન બની રહ્યું છે. ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી આ એરપોર્ટ માત્ર ફાઈલોમાં જ દબાયેલું રહ્યું. ત્યારે સપા સરકારે આ પ્રોજેક્ટને આગળ વધવા દીધો નહોતો. પરંતુ જેવી અહીં ભાજપની સરકાર બની, તેનું શિલાન્યાસ થયું અને હવે આ એરપોર્ટ સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગયું છે. નોઈડાને પહેલા અંધશ્રદ્ધાના કારણે તેના હાલ પર છોડી દેવામાં આવ્યું હતું. પહેલાની સરકારો ખુરશી જવાની બીકે અહીં આવતા પણ ડરતી હતી. મને યાદ છે, જ્યારે અહીં સપા સરકાર હતી અને મેં નોઈડા આવવાનો કાર્યક્રમ બનાવ્યો, તો મુખ્યમંત્રી એટલા ડરેલા હતા કે તેઓ તે કાર્યક્રમમાં આવ્યા નહોતા. મને પણ ડરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો અને કહેવામાં આવ્યું, “નોઈડા ન જાઓ, મોદીજી, હમણાં જ વડાપ્રધાન બન્યા છો.” પરંતુ મેં કહ્યું, “હું તે ધરતીના આશીર્વાદ લેવા જઈ રહ્યો છું, જે મને લાંબા સમય સુધી સેવા કરવાની તક આપશે.” આજે તે જ વિસ્તાર આખી દુનિયાનું સ્વાગત કરવા તૈયાર છે અને આ સમગ્ર ક્ષેત્ર આત્મનિર્ભર ભારતના સંકલ્પને સશક્ત કરી રહ્યું છે.

કોઈપણ દેશમાં એરપોર્ટ માત્ર એક સામાન્ય સુવિધા નથી હોતી, પરંતુ તે પ્રગતિને નવી ઉડાન પણ આપે છે. વર્ષ ૨૦૧૪ પહેલા દેશમાં માત્ર ૭૪ એરપોર્ટ હતા, પરંતુ આજે તેમની સંખ્યા ૧૬૦ થી પણ વધુ થઈ ગઈ છે. હવે હવાઈ કનેક્ટિવિટી માત્ર મહાનગરો સુધી સીમિત નથી રહી, પરંતુ દેશના નાના-નાના શહેરો સુધી પણ પહોંચી રહી છે.

પહેલાની સરકારો માનતી હતી કે હવાઈ મુસાફરી માત્ર અમીરો માટે હોવી જોઈએ, પરંતુ ભાજપ સરકારે તેને સામાન્ય ભારતીયો માટે પણ સરળ અને સુલભ બનાવી દીધી છે.

### ખાદ્યાન્ન સંકટ સર્જાવાની ભીતિ

# સ્ટ્રેટ ઓફ હોર્મુઝને કારણે ફક્ત ઈંધણ નહીં ખાતર પણ અટવાયું

## યુદ્ધના કારણે વિશ્વના યુરીયા ખાતરનો ૩૦ ટકા જેટલો પુરવઠો અટવાઈ ગયો : કોમોડિટી નિષ્ણાતોનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન યુદ્ધના કારણે આખા વિશ્વમાં ખાતરની અછતની સ્થિતિ સર્જાઈ છે. દિવસ વીતવાની સાથે-સાથે ખાતરનો પુરવઠો દિનપ્રતિદિન ઘટતો જાય છે. આમ ઈરાન-અમેરિકા અને ઈઝરાયલ વચ્ચેનું આ યુદ્ધ વિશ્વસ્તરે ખાતરની અછત ઊભી કરીને વૈશ્વિક ખાદ્યાન્ન સંકટને જન્મ આપી શકે છે. યુદ્ધનું આ અત્યાર સુધીનું એવું પાસું છે કે જેના પર વિચાર જ કરવામાં આવ્યો નથી. અમેરિકા અને ઈઝરાયલના હુમલાના જવાબમાં ઈરાને હોર્મુઝની ખાડી બંધ કરી દેતા વૈશ્વિક પુરવઠો ઠપ થઈ ગયો છે. તેના કારણે આફ્રિકન દેશોમાં તો ખાતરના પુરવઠામાં ૯૦ ટકા ઘટાડો નોંધાયો છે. ખાતરની અછતના લીધે વિકસતા દેશોના ખેડૂતોની સ્થિતિ અત્યંત ખરાબ થઈ રહી છે. વિકસતા દેશોના ખેડૂતો કલાઈમેટ ચેન્જ અને અનિશ્ચિત હવામાનનો સામનો કરી રહ્યા છે ત્યાં યુદ્ધના લીધે એક મુશ્કેલી વધી છે. વાવણી સીઝન શરૂ થતાં પૂર્વે જ ખાતરની અછત પાકના ઉત્પાદન પર અસર પાડી શકે છે. વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર કાર્લ સ્કુએ જણાવ્યું હતું કે ખાતરની અછતની સંભાવનાને ધ્યાનમાં રાખીએ તો ખરાબમાં ખરાબ સ્થિતિમા પાક.નું ઉત્પાદન ઓછું થાય અને આગામી સીઝનમાં પાક નિષ્ફળ જાય. આમ આગામી વર્ષે અનાજના ભાવ ઊંચા જાય તો આશ્ચર્ય ન થવું જોઈએ. ખાતર બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતા બે મહત્ત્વના પદાર્થો નાઈટ્રોજન અને ફોસ્ફેટ હાલમાં ઈરાનના બ્લોકેડનો ભોગ બનેલા છે. નાઈટ્રોજન યુરીયા ખાતર બનાવવામાં ઉપયોગી છે. હવે તેને જ સૌથી વધુ ફટકો પડયો છે. યુદ્ધના લીધે વિશ્વનો ૩૦ ટકા જેટલો યુરીયા ખાતરનો કારોબાર અટવાઈ ગયો છે, એમ લંડન સ્થિત કોમોડિટીઝ કન્સલ્ટન્સી સીઆરયુ ગ્રુપના ક્રિસ લોસને જણાવ્યું હતું. આ જ રીતે ફોસ્ફેટનો પુરવઠો પણ અટવાયો છે. સાઉદી અરેબિયા વિશ્વના પાંચમાં ભાગનું ફોસ્ફેટ પૂરુ પાડે છે. આ વિસ્તારમાંથી વિશ્વમાં સલ્ફરના કુલ ઉત્પાદનના ૪૦ ટકા હિસ્સાની નિકાસ થાય છે. તે ચાવીરુપ ઈન્ગ્રેડિયન્ટ છે અને ઓઈલ-ગેસ રીફાઈનની આડપેદાશ છે. યુદ્ધ પૂરુ થયા પછી પણ અખાતમાંથી પુરવઠો જારી રાખવા માટે સુરક્ષાની ખાતરી મંગાઈ શકે છે.

# પરિણીત પુરુષ અન્ય મહિલા સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતો હોય તો ગુનો નથીઃ હાઈકોર્ટનો મોટો ચુકાદો

## કોર્ટ નૈતિકતાથી નહીં પણ કાયદા મુજબ ચાલેઃ પોલીસ બન્નેને સુરક્ષા આપશે, પરિવારના લોકો હેરાન નહીં કરે

(સંપૂર્ણ સમાચાર સેવા)અલ્લાહાબાદ

તાજેતરમાં અલ્લાહાબાદ હાઈકોર્ટે લિવ-ઈન રિલેશનશિપને લઈને એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે જણાવ્યું છે કે જો કોઈ પરિણીત પુરુષ અન્ય પુખ્ત મહિલા સાથે સહમતિથી લિવ-ઈન રિલેશનશિપમાં રહેતો હોય, તો તેને ગુનો ગણી શકાય નહીં. જી હા...અલ્લાહાબાદ હાઈકોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે ન્યાયતંત્ર સામાજિક નૈતિકતાના આધારે નહીં, પરંતુ દેશના કાયદાના આધારે કાર્ય કરે છે.



આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, આ કેસ ઉત્તર પ્રદેશના શાહજહાનપુરમાં બન્યો છે. જ્યાં એક ૧૮ વર્ષીય યુવતીની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે તેમની પુત્રીનું એક પુરુષ દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે. જોકે, આ મામલે જબરદસ્ત વળાંક ત્યારે આવ્યો જ્યારે યુવતીએ પોતે પોલીસ અધિક્ષક (SP)ને અરજી કરીને જણાવ્યું કે મારું અપહરણ થયું નથી, પરંતુ હું મારી મરજીથી તે પુરુષ સાથે રહી રહી છે. યુવતીએ એવો પણ ગંભીર આક્ષેપ કર્યો કે મારા પરિવાર તરફથી મને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે અને ઓનર કિલિંગનો સતત ભય સતાવી રહ્યો છે. જેના કારણે ધરપકડના ડરથી આ કપલે અલ્લાહાબાદ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. અલ્લાહાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ જે.જે. મુનિર અને તરુણ સક્સેનાની બેંચે આ મામલે સુનાવણી કરતા બે મહત્વની વાતો ટાંકી હતી. તેમણે જણાવ્યું હતું કે કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ભારતીય કાયદામાં એવો કોઈ ઉલ્લેખ નથી કે પરિણીત પુરુષ અન્ય મહિલા સાથે લિવ-ઈન સંબંધમાં રહે તો તે ગુનો બને છે. હાઈકોર્ટે અવલોકન કર્યું કે કોર્ટો કાયદા મુજબ ચાલે છે, નૈતિકતાના આધારે નહીં. સામાજિક રીતે આ રિલેશનશિપને ભલે અયોગ્ય માનવામાં આવે, પરંતુ કાયદાકીય રીતે જ્યાં સુધી કોઈ ગુનો સાબિત ન થાય ત્યાં સુધી કોઈને સુરક્ષાથી વંચિત રાખી શકાય નહીં. અલ્લાહાબાદ હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે "જો કાયદા મુજબ કોઈ કૃત્ય ગુનો નથી, તો સામાજિક પ્રતિભાવો કે નૈતિકતા કોર્ટના નિર્ણયને પ્રભાવિત કરી શકે નહીં." હાઈકોર્ટે અરજદારોને ધરપકડ સામે રક્ષણ આપ્યું છે અને સ્થાનિક પોલીસને આદેશ આપ્યો છે કે આ કપલને પૂરતી સુરક્ષા પૂરી પાડવામાં આવે. હાઈકોર્ટે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે પરિવારના કોઈ પણ સભ્ય દ્વારા આ કપલને પરેશાન કરવામાં ન આવે કે તેમને કોઈ શારીરિક નુકસાન ન પહોંચાડવામાં આવે. આ ચુકાદો વ્યક્તિગત સ્વતંત્રતા અને કાયદાકીય સુરક્ષાના પાસાને મજબૂત કરે છે. તે સ્પષ્ટ કરે છે કે પુખ્ત વયની વ્યક્તિઓ પોતાની પસંદગી મુજબ જીવન જીવવા માટે સ્વતંત્ર છે, ભલે તેમના નિર્ણયો સામાજિક માપદંડો સાથે સુસંગત ન હોય.

### નવી બાલેન શાહ સરકારની કડક એક્શન

# નેપાળના પૂર્વ વડાપ્રધાન કે.પી. ઓલીની ધરપકડ કરાઈ

## આ ધરપકડ પાછળ ગત વર્ષે સપ્ટેમ્બરમાં થયેલા ‘Gen Z’ આંદોલનના હિંસક વળાંકને જવાબદાર માનવામાં આવે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ

નેપાળના રાજકારણમાં અત્યાર સુધીનો સૌથી મોટો ઉલટફેર જોવા મળ્યો છે. નવી રચાયેલી બાલેન શાહ સરકારે સત્તા સંભાળતાની સાથે જ આક્રમક વલણ અપનાવ્યું છે. વડાપ્રધાન બાલેન શાહના નેતૃત્વમાં મળેલી પ્રથમ કેબિનેટ બેઠકમાં લેવાયેલા કઠોર નિર્ણય બાદ, પૂર્વ વડાપ્રધાન કે.પી. શર્મા ઓલી અને પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકની ધરપકડ કરવામાં આવી છે.આ ધરપકડ પાછળ ગત વર્ષે સપ્ટેમ્બરમાં થયેલા ‘Gen Z’ આંદોલનના હિંસક વળાંકને જવાબદાર માનવામાં આવે છે. આંદોલન દરમિયાન નિઃશસ્ત્ર વિદ્યાર્થીઓ પર થયેલા ગોળીબારમાં અનેક યુવાનોના મોત નિપજ્યા હતા. તપાસ પંચના અહેવાલમાં આ હિંસા અને જાનહાનિ માટે તત્કાલીન સરકારના વડા કે.પી. ઓલી અને ગૃહમંત્રી રમેશ લેખકની ભૂમિકાને જવાબદાર ઠેરવવામાં આવી હતી. બાલેન શાહ સરકારે પોતાની પ્રથમ બેઠકમાં જ આ રિપોર્ટને તાત્કાલિક અસરથી લાગુ કરી જવાબદારો સામે સીધી કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો.અહેવાલો અનુસાર, આજે વહેલી સવારે ઓપરેશન શરૂ



કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકની અટકાયત કરવામાં આવી અને તેના થોડા જ સમય બાદ પૂર્વ વડાપ્રધાન કે.પી. ઓલીની પણ ધરપકડ કરવામાં આવી હતી.

આ કાર્યવાહીથી નેપાળના રાજકીય વર્તુળોમાં સોપો પડી ગયો છે.કમિશનના રિપોર્ટમાં માત્ર નેતાઓ જ નહીં, પરંતુ નેપાળ પોલીસ, સશસ્ત્ર પોલીસ દળ અને સેનાના કેટલાક ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા પર પણ ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. હાલમાં સુરક્ષા દળો સામે સીધી કાર્યવાહી કરવામાં આવી નથી, પરંતુ તેમની ભૂમિકાની અલગથી તપાસ કરવા માટે સરકારે એક નવી ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે. કાઠમંડુના મેયરથી વડાપ્રધાન બનેલા બાલેન શાહે આ કાર્યવાહી દ્વારા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેમની સરકારમાં ભ્રષ્ટાચાર અને માનવ અધિકારોના ઉલ્લંઘન સામે ‘ઝીરો ટોલરન્સ’ની નીતિ અપનાવવામાં આવશે. પૂર્વ વડાપ્રધાનની ધરપકડને નેપાળના લોકતંત્રમાં એક મોટા પરિવર્તન અને કાયદાના શાસનના મજબૂતીકરણ તરીકે જોવામાં આવી રહી છે.

# બાંગ્લાદેશમાં IPLના પ્રસારણ પર કોઈ પ્રતિબંધ રહેશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશમાં થયેલા સત્તા પરિવર્તન બાદ ભારત સાથેના સંબંધોમાં સુધારાના સંકેતો જોવા મળી રહ્યા છે. લાંબા સમયથી ચાલી રહેલા વિવાદો અને તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે, નવી બાંગ્લાદેશ સરકારે એક મોટો અને સકારાત્મક નિર્ણય લીધો છે. બાંગ્લાદેશમાં હવે ઈન્ડિયન પ્રીમિયર લીગના પ્રસારણ પર કોઈ પ્રતિબંધ રહેશે નહીં. આ વિવાદની શરૂઆત IPL 2026 થી થઈ હતી, જ્યારે બાંગ્લાદેશના સ્ટાર ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને તેની ટીમે રિલીઝ કરી દીધો હતો. આ ઘટના બાદ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) વચ્ચેના સંબંધો વણસ્યા હતા. તત્કાલીન મહોમ્મદ યુનુસ સરકારે આ વિવાદને રાજકીય રંગ આપ્યો અને ICC મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માટે પોતાની ટીમને ભારત મોકલવાનો ઈનકાર કરી દીધો. બાંગ્લાદેશના ઈનકાર બાદ, ICC એ તેની જગ્યાએ સ્કોટલેન્ડને વર્લ્ડ કપ રમવાની તક આપી. આઈસીસી સામે પરાજય બાદ હાર પચાવી ન શકતા, યુનુસ સરકારે ખુન્નસ કાઢવા માટે નવું હથિયાર ઉગામ્યું હતું. બાંગ્લાદેશમાં IPLના પ્રસારણ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો હતો, જેનાથી ક્રિકેટ ચાહકો આઘાતમાં હતા. બાંગ્લાદેશમાં સત્તા પલટા બાદ સ્થિતિ બદલાઈ છે. વર્તમાન માહિતી અને પ્રસારણ મંત્રી ઝહીર ઉદ્દીન સ્વપને સ્પષ્ટ કર્યું છે કે, સરકાર રમતગમત અને રાજકારણને અલગ રાખવા માંગે છે.

# હોર્મુઝ બંધ થતા ભારત સામે નવી મુસીબત ઊભી થવાની તૈયારીમાં


(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અત્યારે ટેકનોલોજીના ક્ષેત્રમાં ગ્લોબલ હબ બનવા તરફ આગળ વધી રહ્યું છે, પરંતુ વૈશ્વિક સ્તરે સર્જાયેલી ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિઓ આ સપનામાં અવરોધ ઊભો કરી રહી છે. ખાસ કરીને હોરમુઝની ખાડીમાં સર્જાયેલા સંકટે ભારતના સેમીકન્ડક્ટર મિશન અને ડેટા સેન્ટરના ભવિષ્ય સામે સવાલો ઊભા કર્યા છે.

કાઉન્ટર પોઈન્ટના નિષ્ણાત તરુણ પાઠકના જણાવ્યા અનુસાર, જો ઉર્જાના ભાવમાં સતત વધારો થતો રહેશે, તો તેની સીધી અસર ડેટા સેન્ટર જેવા સેક્ટર્સ પર પડશે. ડેટા સેન્ટર્સમાં ઉર્જાનો વપરાશ ખૂબ વધારે હોય છે. જો વીજળી મોંઘી થશે, તો આ ક્ષેત્રમાં નવું રોકાણ ઘટી શકે છે અને માંગમાં પણ ઘટાડો જોવા મળી શકે છે.

ભારતનું ઈલેક્ટ્રોનિક્સ અને AI સેક્ટર મોટાભાગે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિદેશી રોકાણ પર નિર્ભર છે.

ઉર્જા સંકટ અને કાચા માલની અનિશ્ચિતતા આ બંને સેક્ટરની ગતિ ધીમી પાડી શકે છે. ભારત સરકારનું સેમીકન્ડક્ટર મિશન હાલ પાટા પર તો છે, પરંતુ હોરમુઝ સંકટે સાબિત કરી દીધું છે કે ભારત હજુ પણ અનેક મહત્વની વસ્તુઓ માટે બાહ્ય સ્ત્રોતો પર નિર્ભર છે. કાચા માલની અછતને કારણે ઉત્પાદન ખર્ચ વધી શકે છે. જેના કારણે ઉત્પાદન ઘટી રહ્યું છે. રોકાણકારોમાં ખચકાટ અને વધતી જતી અનિશ્ચિતતાને કારણે રોકાણકારો સાવધ થઈ શકે છે.

# તંત્રી લેખ......

## ટ્રમ્પની વિશ્વસનીયતા જોખમમાં, યુદ્ધમાંથી બહાર નીકળવાની તક શોધી રહ્યા છે

ઈરાનના પાવર અને એનર્જી સ્થાપનોને નષ્ટ કરવાની ધમકી આપ્યા પછી, યુએસ પ્રમુખ ટ્રમ્પે પહેલા આ સ્થાપનો પર હુમલા પાંચ દિવસ માટે મુલતવી રાખવાની જાહેરાત કરી હતી અને હવે કહ્યું છે કે તેઓ થોડા વધુ દિવસો આપી રહ્યા છે. આ સૂચવે છે કે તેઓ સમાધાનના મૂડમાં છે.

જોકે તેઓ ક્યારેક ક્યારેક ઈરાનને ધમકી આપે છે, તેમણે જે રીતે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાની સમયમર્યાદા લંબાવી છે તે સૂચવે છે કે તેઓ આ યુદ્ધમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધી રહ્યા છે. આવા સંકેતો સાથે પણ, યુએસ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ સમાપ્ત થશે કે નહીં તે કહેવું મુશ્કેલ છે. આનું કારણ એ છે કે ઈરાન ફરીથી હુમલો નહીં થાય તેવી ખાતરી આપ્યા વિના પીછેહઠ કરવા તૈયાર નથી. જેમ ઈરાન અમેરિકાની યુદ્ધવિરામની શરતો સ્વીકારી શકતું નથી, તેમ અમેરિકા કે ઈઝરાયલ પણ તેની શરતો સ્વીકારી શકતા નથી. આ જ કારણ છે કે યુદ્ધ અટકી શકતું નથી. જ્યારે ઈઝરાયલ ઈરાનને નિશાન બનાવવાનું ચાલુ રાખે છે, ત્યારે ઈરાન તેના અને તેના પડોશીઓ સામે મિસાઈલ છોડી રહ્યું છે. સ્વાભાવિક રીતે, આ દેશોની ધીરજ ઢીલી પડી રહી છે. આ દેશો વધુને વધુ ચિંતિત છે કારણ કે ઈરાન તેમની નાગરિક અને ઉર્જા સુવિધાઓને પણ નિશાન બનાવી રહ્યું છે. જો ગલ્ફ દેશો ઈરાન સામે બદલો લેવાના હુમલા શરૂ કરે છે, તો યુદ્ધ એક નવા વળાંક પર પહોંચશે. આ નિઃશંકપણે ટ્રમ્પ કે વિશ્વના અન્ય દેશો ઈચ્છશે નહીં, કારણ કે ઉર્જા સંકટ ઘટવાના કોઈ સંકેત દેખાતા નથી. માત્ર ભારત અને અન્ય એશિયન દેશો જ નહીં, પણ યુરોપ અને યુનાઈટેડ સ્ટેટ્સ પણ તેનાથી પ્રભાવિત છે. હોર્મુઝ સ્ટ્રેટને અવરોધિત કરનાર ઈરાન આ ઉર્જા સંકટ માટે સીધી રીતે જવાબદાર છે. જો કે, ઈરાન પર હુમલો કરવા માટે અમેરિકા પરોક્ષ રીતે જવાબદાર છે, જેણે બે વાર વિચાર કર્યા વિના, ઈઝરાયલ સાથે દળોમાં જોડાઈ ગયું. ઈરાનની બદલો લેવાની કાર્યવાહીએ માત્ર અમેરિકા અને ઈઝરાયલ જ નહીં, પણ પડોશી દેશોને પણ તણાવમાં મૂક્યા છે. જો ઈરાન લાંબા સમય સુધી બદલો લેવાનું ચાલુ રાખશે, તો યુએસ રાષ્ટ્રપતિને તેમના વલણને વધુ નરમ પાડવાની ફરજ પડી શકે છે. આ સ્થિતિમાં, તેમનો પ્રભાવ ઓછો થશે - ફક્ત યુએસમાં જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર પણ. એ નોંધવું જોઈએ કે તેમને વૈશ્વિક ઊર્જા કટોકટી માટે જવાબદાર ઠેરવવામાં આવી રહ્યા છે, અને સ્થાનિક સ્તરે તેમનો વિરોધ વધી રહ્યો છે. ઈરાન યુદ્ધ પહેલા, વેનેઝુએલા પર તેમનો હુમલો અને તેમની મનસ્વી ટેરિફ નીતિઓ, જેણે તેમના સાથીઓ સહિત વિશ્વને હેરાન કર્યું છે, તેમની વિશ્વસનીયતા અને પ્રતિષ્ઠાને પહેલાથી જ ખતમ કરી દીધી છે.

### શહેરોનો થશે સર્વાંગી વિકાસ, વડાપ્રધાનશ્રીના હસ્તે રચાશે નવો ઈતિહાસ!

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૩૧ માર્ચે ગુજરાતના શહેરોને આપશે રૂ.૫,૨૯૫ કરોડથી વધુના ૪૪ વિકાસ પ્રકલ્પોની ભેટ

ગુજરાતના શહેરી વિકાસના ઈતિહાસમાં વધુ એક નવું સોપાન ઉમેરાવા જઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા.૩૧ માર્ચની તેમની ગુજરાત મુલાકાત દરમિયાન રાજયના શહેરી વિસ્તારોમાં જનસુખાકારીમાં વૃદ્ધિ કરતા તથા આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડતા વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરીને નાગરિકોને સમર્પિત કરશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે શહેરી વિકાસને પ્રોત્સાહન આપતા રાજ્યના કુલ રૂ. ૫,૨૯૫.૫૪ કરોડના ૪૪ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવામાં આવશે. જેમાં અંદાજિત રૂ. ૩,૪૨૭.૧૪ કરોડના ૨૬ કામોનું ખાતમુહૂર્ત અને રૂ. ૧,૮૬૮.૪૦ કરોડના ૧૮ કામોનું લોકાર્પણ કરવામાં આવશે.

સૌથી વધુ અમદાવાદ મહાનગર પાલિકાના રૂ. ૪,૬૪૦.૧૨ કરોડના કુલ ૩૨ પ્રકલ્પો, ગાંધીનગર મહાનગરપાલિકાના રૂ. ૩૦૪.૮૨ કરોડના ૭ પ્રકલ્પો, ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના રૂ. ૨૭૨.૮૬ કરોડના ૩ પ્રકલ્પો તેમજ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશનના રૂ. ૭૭.૭૪ કરોડના બે પ્રકલ્પોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવામાં આવશે.

ઐતિહાસિક નગરી વડનગરના વારસાને જાળવી રાખવા અને પ્રવાસનને વેગ આપવા માટે રૂ. ૩૪.૪૫ કરોડના ખર્ચે 'હેરિટેજ ટાઉન શહેરી વિકાસ અને માર્ગ સૌંદર્યીકરણ' પ્રોજેક્ટનું વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે . આ પ્રોજેક્ટ અંતર્ગત હાટકેશ્વર મંદિર અને સંગીત સંગ્રહાલય જેવા મુખ્ય સ્થળોએ આધુનિક રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અંડરગ્રાઉન્ડ લાઈટિંગ, સેન્ડ સ્ટોન સાઈનેજ અને કલાત્મક કૃતિઓથી સુશોભન કરવામાં આવ્યું છે.

સાથો સાથે, પાટણમાં વડાપ્રધાનશ્રી રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરશે. પાટણ શહેરના રહેવાસીઓની સુવિધા માટે રૂ. ૪૩.૨૯ કરોડના ખર્ચે ફાટક નંબર ૪૧-એ (LC-41A) પર ૮૯૮ મીટર લાંબો થ્રી-લેગ રેલ્વે ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે, જે ટ્રાફિકની સમસ્યા હલ કરી અંદાજે બે લાખ લોકોને સુરક્ષિત અને ઝડપી મુસાફરીની સુવિધા પૂરી પાડશે.

આ મુલાકાત દરમિયાન વડાપ્રધાનશ્રી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટેના 'પ્રધાનમંત્રી આવાસ યોજના'ના મકાનોના લોકાર્પણને પ્રાધાન્ય આપશે, જેથી હજારો પરિવારોનું પોતાના ઘરનું સપનું સાકાર થશે. સાથે જ, અમદાવાદના નવા વિસ્તારોમાં ડ્રેનેજ અને અન્ય આંતરમાળખાકીય સુવિધાઓ માટેના મોટા પ્રોજેક્ટ્સ આગામી સમયમાં શહેરની કાયાપલટ કરશે.

● વડાપ્રધાનશ્રીના હસ્તે અમદાવાદ મહાનગરપાલિકામાં લોકાર્પણ-ખાતમુહૂર્ત થનાર વિકાસ કાર્યો-

૧. ખરીકટ કેનાલ ડેવલપમેન્ટ (પેકેજ ૧, ૨, ૩) - લોકાર્પણ રૂ. ૮૧૧.૨૭ કરોડ

૨. નિકોલ-કઠવાડા (TP-111) ખાતે ૧૧૦૦ EWS આવાસો - લોકાર્પણ રૂ. ૭૭.૫૦ કરોડ

૩. ચિલોડા-નરોડા (TP-99) ખાતે ૧૦૧૭ EWS આવાસો - લોકાર્પણ રૂ. ૭૫.૩૫ કરોડ

૪. નરોડા-મુઠિયા (TP-71) ખાતે ૪૭૦ EWS આવાસો - લોકાર્પણ રૂ. ૫૬ કરોડ

૫. આમ્રાઈવાડી સ્લમ ક્વાર્ટર્સ ખાતે ૬૭૨ આવાસો (PPP) - લોકાર્પણ રૂ. ૫૪.૯૨ લોકાર્પણ

૬. ગોતા (TP-33) ખાતે ૪૪૮ EWS આવાસો - લોકાર્પણ રૂ.૫૪.૭૫ કરોડ

૭. અસારવા નોર્થ (TP-30) પતરાવાળી સ્લમ ખાતે ૫૭૬ આવાસો - લોકાર્પણ રૂ. ૪૭.૯૩ કરોડ

૮. હંસપુરા-નરોડા (TP-121) ખાતે ૨૯૯ ઈઉજી આવાસો - લોકાર્પણ રૂ. ૩૫.૫૯ કરોડ

૯. વસ્ત્રાલ વોર્ડ (TP-114)માં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું નિર્માણ - લોકાર્પણ રૂ. ૬૧.૬૭ કરોડ

૧૦. ગોતા-ગોધાવી કેનાલને RCC બોક્સ કેનાલમાં ફેરવવી - લોકાર્પણ રૂ. ૧૩૧.૯૭ કરોડ

૧૧. આકાશ દર્શન સોસાયટી પાસે વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન - લોકાર્પણ રૂ. ૨૫.૦૮ કરોડ

૧૨. દુધેશ્વર વોટર વર્ક્સ ખાતે ૨૦ મિલિયન લિટરની ટાંકી - લોકાર્પણ રૂ. ૩૧.૦૭ કરોડ

૧૩. ભાડજ (TP-406) ખાતે વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન - લોકાર્પણ રૂ. ૪૭.૪૦ કરોડ

૧૪. ખરીકટ કેનાલ ફેઝ-૨ (રોપડા તળાવથી ખારી નદી સુધી) - ખાતમુહૂર્ત રૂ. ૧૦૬૧.૪૩ કરોડ

૧૫. BRTS અને AMTS માટે ITMS સિસ્ટમ પ્રોજેક્ટ ૨.૦ - ખાતમુહૂર્ત રૂ. ૪૬૭ કરોડ

૧૬. નારોલ સર્કલથી નરોડા પાટિયા સુધી ૧૪ કિમી રોડ ડેવલપમેન્ટ - ખાતમુહૂર્ત રૂ. ૨૫૫.૩૫ કરોડ

૧૭. કાજીમિયાનો ટેકરો (TP-3) ખાતે ૭૨૮ આવાસો (PPP) - ખાતમુહૂર્ત રૂ. ૧૦૫.૦૨ કરોડ

૧૮. ભાગુભાઈની ચાલી (TP-3) ખાતે ૫૯૫ આવાસો (PPP) - ખાતમુહૂર્ત રૂ. ૭૩.૫૯ કરોડ

૧૯. વટવા આઉટફિલ્ડ (TP-58) ખાતે ૩૫૦ LIG આવાસો - ખાતમુહૂર્ત રૂ. ૬૬.૧૮ કરોડ

૨૦. નરોડા-હંસપુરા (TP-121) ખાતે ૧૬૦ LIG આવાસો - ખાતમુહૂર્ત રૂ. ૩૮.૮૦ કરોડ

૨૧. વસ્ત્રાલ વોર્ડમાં ૧૬૦૦ mm ડ્રેનેજ લાઈન (માઈક્રો ટનલિંગ) - ખાતમુહૂર્ત રૂ. ૩૧.૨૪ કરોડ

૨૨. નરોડા વોર્ડ (TP-75) ખાતે નવું ઓડિટોરિયમ - ખાતમુહૂર્ત રૂ. ૮૬.૨૯ કરોડ

૨૩. રાસ્કા ખાતે વધારાનો ૧૦૦ MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ - ખાતમુહૂર્ત રૂ. ૭૯.૪૮ કરોડ

૨૪. સી.જી. રોડ ખાતે એડવાન્સ ફૂડ ટેસ્ટિંગ લેબોરેટરી - ખાતમુહૂર્ત રૂ. ૩૭.૨૨ કરોડ

૨૫. સુભાષ બ્રિજનું નવનિર્માણ (૪-લેન બ્રિજ અને ૨-લેન બ્રિજ) - ખાતમુહૂર્ત રૂ. ૨૩૬ કરોડ

૨૬. વેસ્ટ ઝોનમાં થિમેટિક પ્રિસિંક્ટ પેકેજ-૧ ના વિવિધ રોડ - ખાતમુહૂર્ત રૂ. ૨૮૨.૮૨ કરોડ

૨૭. લોટસ પાર્ક ડેવલપમેન્ટ (ઘાટલોડિયા તળાવ) - ખાતમુહૂર્ત રૂ. ૧૨૮.૮૫ કરોડ

૨૮. નોર્થ-વેસ્ટ ઝોન (TP-56, ૧૫૧-એ વગેરે)માં ડ્રેનેજ નેટવર્ક - ખાતમુહૂર્ત રૂ. ૪૨.૯૩ કરોડ

૨૯. નોર્થ-વેસ્ટ ઝોન (TP-54, 55, 228 વગેરે)માં ડ્રેનેજ નેટવર્ક - ખાતમુહૂર્ત રૂ. ૪૦.૪૭ કરોડ

૩૦. નોર્થ-વેસ્ટ ઝોન (TP-40, 41, 53-એ વગેરે)માં ડ્રેનેજ નેટવર્ક - ખાતમુહૂર્ત રૂ. ૨૮.૪૨ કરોડ

૩૧. હેબતપુર-થલતેજ વિસ્તારમાં તળાવોને જોડવાનું નેટવર્ક - ખાતમુહૂર્ત રૂ. ૨૭.૮૫ કરોડ

૩૨. ઓલિમ્પિક-૨૦૩૬ અંતર્ગત નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે વોટર લાઈન શિફ્ટિંગ - ખાતમુહૂર્ત રૂ. ૪૦.૬૮ કરોડ

● વડાપ્રધાનશ્રીના હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા અને ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના લોકાર્પણ - ખાતમુહૂર્ત થનાર વિકાસ કાર્યો-

૧. વાસણા-હડમતિયા (TP-09) ખાતે 624 EWS-II આવાસોનું નિર્માણ - લોકાર્પણ રૂ. ૮૦.૫૦ કરોડ

૨. વાસણા-હડમતિયા (TP-09) ખાતે ૧૩૫૨ EWS-II આવાસોનું નિર્માણ - લોકાર્પણ રૂ. ૧૬૫.૫૪ કરોડ

૩. મોટા ચિલોડા (TP-17) ખાતે ડ્રેનેજ નેટવર્ક અને ૭.૦ MLD STP - ખાતમુહૂર્ત રૂ. ૨૬.૮૨ કરોડ

૪. પ્સ્ઝ વિસ્તાર (TP-06)માં વર્કિંગ વુમન હોસ્ટેલનું નિર્માણ - ખાતમુહૂર્ત રૂ. ૨૫.૬૧ કરોડ

૫. સેક્ટર-૧૧ બિઝનેસ કોરિડોર રોડ ડેવલપમેન્ટ અને સુશોભન - ખાતમુહૂર્ત રૂ. ૨૫.૫૩ કરોડ

૬. રાંધેજા ખાતે ૪ તળાવોને જોડવાની અને સ્ટ્રોમ વોટર લાઈન - ખાતમુહૂર્ત રૂ. ૨૫.૦૨ કરોડ

૭. કોબા, રાયસણ, રાંદેસણ વિસ્તારમાં સ્ટ્રોમ વોટર લાઈન - ખાતમુહૂર્ત રૂ. ૫૯.૪૮ કરોડ

૮. TP-29 થી અડાલજ TSPS સુધી ૧૮૦૦ mm ડ્રેનેજ ટ્રંક મેઈન - ખાતમુહૂર્ત રૂ. ૬૨.૧૫ કરોડ

૯. કુડાસણ, રાયસણ, રાંદેસણ, સરગાસણ સહિતના ગામોમાં નવા રોડ - ખાતમુહૂર્ત રૂ. ૭૨.૯૧ કરોડ

૧૦. પેથાપુર ખાતે ૧૫ MLD STP નું નિર્માણ - લોકાર્પણ રૂ. ૩૪.૧૨ કરોડ

રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા આ તમામ કાર્યક્રમોની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. વડાપ્રધાનશ્રીની આ મુલાકાત ગુજરાતના શહેરી માળખાને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાની દિશામાં એક મહત્વનું કદમ બની રહેશે.

## જામનગરમાં આડાસંબંધમાં મિત્રની માતાની હત્યા કરી લાશ કોથળામાં છુપાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરના વુલનમીલ વિસ્તારમાં ગુમ થયેલી એક વિધવા મહિલાની નિર્મમ હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. આડા સંબંધોમાં પૈસાની માંગણીથી કંટાળીને એક યુવકે મહિલાની હત્યા કરી તેની લાશને બે દિવસ સુધી કોથળામાં ભરી બંધ મકાનમાં છુપાવી રાખી હતી. જે પુત્રની માતાની હત્યા કરી હતી, તે જ પુત્ર સાથે હત્યારો પોતે પોલીસ સ્ટેશન અને શોધખોળમાં સાથે ફરતો હતો.

આખરે લાશમાંથી દુર્ગંધ આવતા ગભરાયેલા હત્યારાએ ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપીને સાથે રાખી ઘટના સ્થળનું રિકન્સ્ટ્રક્શન હાથ ધર્યું છે. શહેરના ડિફેન્સ કોલોની વિસ્તારમાં રહેતી અને મૂળ મથુરાની વતની ૪૦ વર્ષીય રીન્કી દેવી બન્ટુસિંહ કઠેરીયા નામની વિધવા ગત તા. ૨૩ માર્ચના રોજ એકાએક લાપતા થઈ હતી. જે બાદ પાડોશમાં જ રહેતા વિજય વિઠ્ઠલ ઓડીચના ખંઢેર જેવા બંધ મકાનમાંથી કોથળામાં ભરેલો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ ગળે ટૂંપો દીધેલી હાલતમાં હતો. આ અંગે મૃતકના પુત્ર રોહિત કઠેરિયાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં પોલીસે રોહિતના મિત્ર વિજય વિઠ્ઠલ ઓડિચની ધરપકડ કરી છે. વિજયે પોલીસ પૂછપરછમાં કબૂલ્યું છે કે, વર્ષ ૨૦૨૧માં રીન્કી દેવી વિધવા બન્યા પછી, પુત્ર રોહિતની મિત્રતાના કારણે તે મહિલાના સંપર્કમાં આવ્યો હતો. છેલ્લા ચારેક વર્ષથી બંને વચ્ચે ગાઢ સંબંધો હતા. રીન્કી દેવી વારંવાર પૈસાની માંગણી કરતી હતી અને પૈસા ન આપવા બદલ પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપતી હતી. આ બાબતથી કંટાળીને વિજયે ૨૩મી તારીખે રાત્રિના સમયે મહિલાને પોતાના કાકાના ઘરે લઈ જઈ લૂંગી વડે ગળે ટૂંપો દઈ હત્યા કરી નાખી હતી. ત્યારબાદ મૃતદેહને કોથળામાં નાખી સંતાડી દીધો હતો, પરંતુ દુર્ગંધ આવ્યા બાદ મામલો ખુલી જવાની બીકે તેણે કબૂલાત કરી હતી.

## વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે ગુજરાતને ઐતિહાસિક સફળતા -કચ્છમાં એક દાયકા બાદ ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ' ઘોરાડના બચ્ચાનો જન્મ -આગમન :વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયા

ગુજરાત અને રાજસ્થાનના વન વિભાગ, કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય અને વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII)ના સંયુક્ત પ્રયાસોથી વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે એક અભૂતપૂર્વ સફળતા મળી છે.

કચ્છના અબડાસા વિસ્તારમાં એક દાયકાના લાંબા અંતરાલ બાદ 'ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ' -ઘોરાડના બચ્ચાનો જન્મ થયો છે તે આપણા સૌ માટે ગૌરવની ક્ષણ છે તેમ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાએ વિગતો આપતાં જણાવ્યું હતું. વન મંત્રી શ્રી મોઢવાડિયાએ વધુ વિગતો આપતાં કહ્યું કે,ગુજરાત વન વિભાગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં વન્યજીવન સંરક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિ હાસલ કરી છે. આ સિદ્ધિ બદલ વાઈલ્ડ લાઈફ ડિવિઝનના અધિકારીઓની કામગીરીની પ્રશંસા કરીને આ અભિયાનને સફળ બનાવવા સૌને અભિનંદન આપ્યા હતા.

આ સફળતા બદલ કેન્દ્રીય વન-પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે પર્યાવરણ મંત્રાલય,ગુજરાત, રાજસ્થાન અને વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII)ના સંયુક્ત પ્રયાસોને બિરદાવીને એક્સ પર માહિતી આપીને અભિનંદન પાઠવ્યા હતા. વન મંત્રી શ્રી મોઢવાડિયાએ વધુ વિગતો જણાવ્યું હતું કે,આ સફળતા પાછળ 'જમ્પસ્ટાર્ટ એપ્રોચ' (Jumpstart Approach) નામની અત્યાધુનિક સંરક્ષણ પદ્ધતિનો અમલ કરવામાં આવ્યો છે.



**પૃષ્ઠભૂમિ અને પ્રોજેક્ટ GIB**

વર્ષ ૨૦૧૧માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઘોરાડ પક્ષીઓના કુદરતી રહેઠાણોના સંરક્ષણ માટે રજૂ કરવામાં આવેલા વિઝનને અનુરૂપ વર્ષ ૨૦૧૬માં 'પ્રોજેક્ટ GIB' શરૂ કરવામાં આવ્યો હતો. રાજસ્થાનના સેમ (Sam) અને રામદેવરા ખાતે સ્થાપિત બ્રીડિંગ સેન્ટરોમાં પક્ષીઓની સંખ્યા વધીને હવે ૭૩ સુધી પહોંચી છે.

**કેવી રીતે મળી સફળતા? (ઓપરેશન એગ ટ્રાન્સફર)**

કચ્છમાં ઘોરાડની વસ્તીમાં નર પક્ષીઓની ગેરહાજરીને કારણે માદા ઘોરાડ ઈંડા તો મૂકતી હતી, પરંતુ તે અફલિત (Infertile) રહેતા હતા. આ સમસ્યાના ઉકેલ માટે એક સાહસિક અભિયાન હાથ ધરાયું.

**ટ્રાન્સ-સ્ટેટ મુસાફરી:**

રાજસ્થાનના બ્રીડિંગ સેન્ટરમાંથી ઘોરાડનું એક ફલિત (Fertile) ઈંડું લેવામાં આવ્યું. પોર્ટેબલ ઈન્ક્યુબેટરમાં આ ઈંડાને ૧૯ કલાક સુધી સતત રોડ માર્ગે મુસાફરી કરાવીને સુરક્ષિત રીતે કચ્છ લાવવામાં આવ્યું હતું.

**નેસ્ટ રિપ્લેસમેન્ટ:**

તા. ૨૨ માર્ચના રોજ કચ્છની માદા ઘોરાડના માળામાં રહેલા અફલિત ઈંડાને બદલે આ ફલિત ઈંડું મૂકવામાં આવ્યું.માદા ઘોરાડ દ્વારા આ ઈંડાનું કુદરતી રીતે સેવન કરવામાં આવ્યું અને તા. ૨૬ માર્ચના રોજ તેમાંથી તંદુરસ્ત બચ્ચાનો જન્મ થયો.

**ભવિષ્યનું આયોજન**

હાલમાં ફિલ્ડ મોનિટરિંગ ટીમ દ્વારા માદા ઘોરાડ અને તેના બચ્ચાનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.વૈજ્ઞાનિકો, વન વિભાગના અધિકારીઓ અને વન્યજીવ પ્રેમીઓ માટે આ એક ગર્વની ક્ષણ છે, જે ભારતના વન્ય જીવ પર્યાવરણ જતનના સંકલ્પને વધુ દ્રઢ બનાવે છે તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

### હાલ કેરીનો પ્રતિ કિલો ભાલ ૨૦૦થી ૨૫૦ છે

## માર્કેટ યાર્ડમાં કેસર કેરીનું આગમન, ભાવમાં ૨૦ ટકાનો નોંધપાત્રો વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગત વર્ષ કરતા આ વર્ષે કેસર કેરીના ભાવમાં ૨૦ ટકાનો નોંધપાત્રો વધારો થયો છે. અમદાવાદના નરોડા ફ્રૂટ બજારમાં રત્નાગિરિ કેસર કેરીના ભાવ ૩૦૦થી ૪૦૦ રૂપિયા છે તો તો ઉના,તલાળાની કેસર કેરીના ૨૦૦-૨૫૦ રૂપિા પ્રતિ કિલો ભાવ બોલાઈ રહ્યો છે. નોંધનિય છે કે માવઠાના અને મીની વાવાઝોડાના કારણે કાચી કેરી ખરી ગઈ હોવાથી ઘણું નુકસાન થયું છે. હજુ પણ આગામી દિવસોમાં માવઠાનું જોખમ તોળાઈ રહ્યું છે. હવામાન વિભાગે ૨૯થી ૩૧ માર્ચ સુધી ફરી એકવાર માવઠાની આગાહી કરી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ગુજરાતમાં ૨૯ માર્ચથી વાતાવરણમાં પલટો આવશે. આના કારણે ફરી કેરીના પાકને પારાવાર નુકસાન થાય તેવી ભિતી સેવાઈ રહી છે. જેના કારણે કેરીના ભાવ વધી પણ શકે છે. નોંધનિય છે કે, ગીર સોમનાથના કેસર કેરીના ગઢ ગણાતા તાલાલામાં જોરદાર પવન અને માવઠાથી ભારે નુકસાન. પવનના કારણે આંબા પરથી મોટા પ્રમાણમાં કાચી કેરી (ખાખડી) જમીન પર ખરી પડી હતી. બગીચાઓમાં ભેજ વધતા ફળમાખી, મધિયો અને થ્રિપ્સ જેવા રોગોનો ઉપદ્રવ વધ્યો છે. ગીર સોમનાથ જિલ્લાના તાલાલા પંથકમાં, જે કેસર કેરીના ગઢ તરીકે આખી દુનિયામાં ઓળખાય છે, ત્યાં થોડા દિવસો પહેલા પડેલા કમોસમી વરસાદ (માવઠા) અને જોરદાર પવનને કારણે બાગાયતી ખેડૂતોને મોટો ઝાટકો લાગ્યો છે. આ વર્ષે શરૂઆતમાં ખેડૂતોને કેસર કેરીના ખૂબ જ સારા ઉત્પાદનની આશા હતી, પરંતુ અચાનક વાતાવરણમાં પલટો આવતા આંબાના બગીચાઓને ભારે નુકસાન પહોંચ્યું છે.જોરદાર પવનના ઝાપટા આવવાને કારણે આંબા પર લાગેલી નાની કાચી કેરી, જેને સ્થાનિક ભાષામાં ખેડૂતો ખાખડી કહે છે, તે મોટા પ્રમાણમાં જમીન પર ખરી પડી છે. આનાથી પાકના એકંદર ઉત્પાદનમાં મોટો ઘટાડો થવાની ભીતિ છે. એટલું જ નહીં, કમોસમી વરસાદ પડ્યા પછી બગીચાઓમાં ભેજનું પ્રમાણ અચાનક વધી ગયું છે. આ ચિંતાજનક પરિસ્થિતિ વચ્ચે બાગાયત વિભાગે ખેડૂતોને તાત્કાલિક પગલાં લેવાની સલાહ આપી છે. અધિકારીઓએ જણાવ્યું છે કે રોગને નિયંત્રણમાં લેવા માટે ખેડૂતોએ સમયસર યોગ્ય દવાનો છંટકાવ કરવો જોઈએ. આ સાથે જ, કેરીને બગાડથી સુરક્ષિત રાખવા માટે ફળ પર બેગ ચડાવવાની (ફ્રૂટ બેગિંગ) પદ્ધતિ અપનાવવી અત્યંત જરૂરી છે.

### ડાંગ જિલ્લાનાં ૩૧૧ ગામોમાં આર્થિક પ્રગતિ સુનિશ્ચિત કરવા ધિરાણ શિબિરો અને કૌશલ્ય વિકાસ માટે 'મોનિટરેબલ એક્શન પ્લાન' તૈયાર

## ડાંગ જિલ્લાના સર્વાંગી વિકાસ માટે RBI-અમદાવાદ પ્રાદેશિક કાર્યાલયની પહેલ: ઓછા ક્રેડિટ-ડિપોઝિટ (સીડી) રેશિયો અંગે RBIએ ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ

ભારતીય રિઝર્વ બેંકના અમદાવાદ પ્રાદેશિક કાર્યાલય દ્વારા ડાંગ જિલ્લામાં બેંકિંગ સુલભતા અને ધિરાણ વિતરણની સ્થિતિની સમીક્ષા કરવા માટે ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈંમેં, અમદાવાદના પ્રાદેશિક નિદેશક અમરેશ રંજને જિલ્લાના નીચા ધિરાણ-થાપણ(CD) વિશે માર્ગદર્શન આપી, તેને સુધારવા માટે તમામ બેંકો દ્વારા સંકલિત અને સક્રીય પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો. આ માટે તેમણે ડાંગ જિલ્લાના સમાવેશી વિકાસ માટે અનેક મહત્વપૂર્ણ સૂચનો અને આદેશો કર્યા હતા. જેમાં ૩૧૧ ગામોમાં વાંસ, ઔષધીય અને બાગાયતી ઉત્પાદનોની પ્રક્રિયા માટે સ્વ-સહાય



જૂથો (SHGs)ની રચના અને મજબૂતીકરણ, તેમને ધિરાણ સાથે જોડવા અને માસિક ધિરાણ શિબિરોનું આયોજન કરવા પર ભાર મૂક્યો હતો. વધુમાં, તેમણે રાગી અને અન્ય ઉત્પાદનોના માર્કેટિંગ માટે ગ્રામ્ય સંગઠનો(VOs) અને ક્લસ્ટર લેવલ ફેડરેશન(CLFs)ની રચનાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે મોબાઈલ બેંકિંગ આઉટરીચ વાન, સ્થાનિક યુવાનોને બેંકિંગ કોરસપોન્ડન્ટ્સ(BCs) તરીકે જોડવા અને CFL અને RSETI દ્વારા વાંસ હસ્તકલા ક્લસ્ટર કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા વિશે વિગતવાર ચર્ચા કરી હતી. તદુપરાંત, નાસિક સહિતના નજીકના જિલ્લાઓના કૃષિ બજારોમાંથી રસાયણમુક્ત પાકના ખરીદદારોને આમંત્રિત કરવા અને સ્વ-સહાય જૂથોને વન-આધારિત આજીવિકાને પ્રોત્સાહન આપવા સૂચન કરવામાં આવ્યું હતું. વાંસ, સાગ અને ઔષધીય ઉત્પાદનો માટે વન વિભાગ દ્વારા પ્રમાણિત કરીને ધિરાણ, આધુનિક જમીન માલિકી ન હોવા છતાં પણ રોજગારીની તકો ઊભી કરી શકાય તે માટે GIDC દ્વારા સાધનો, તાલીમ અને માર્કેટિંગ સિસ્ટમ વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

પ્રાદેશિક નિદેશક શ્રી અમરેશ રંજનના માર્ગદર્શન હેઠળ, સમયમર્યાદામાં મોનિટરેબલ એક્શન પ્લાન (MAP) ના વિકાસ પર સર્વસંમતિ સધાઈ હતી. જેમાં બેંકવાર જવાબદારીઓની રૂપરેખા આપવામાં આવી હતી અને નિયમિત દેખરેખ સુનિશ્ચિત કરવામાં આવી હતી. આ બેઠક ડાંગ જિલ્લામાં બેંકિંગ સેવાઓના વિસ્તરણ , ધિરાણ વિતરણમાં વધારો અને ટકાઉ ગ્રામીણ આજીવિકાને મજબૂત બનાવવા તરફ મહત્વપૂર્ણ પગલું સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પ્રાદેશિક નિદેશક અમરેશ રંજને વઘઈ બ્લોકના કારીગરો, સ્વ-સહાય જૂથ(SHG)ના સભ્યો, ખેડૂતો અને ગ્રામજનો સાથે તેમની બેંકિંગ સંબંધિત સમસ્યાઓ અને મુશ્કેલીઓ સમજવા માટે તેમની સાથે સંવાદ પણ કર્યો હતો તેમજ તેમના પ્રશ્નોના ઉકેલની ખાતરી પણ આપી હતી. આ બેઠકમાં મ.પ્ર. SBI, ઉ.મ.પ્ર. નાબાર્ડ , ઉ.મ.પ્ર. SLBC ગુજરાત, વિવિધ સરકારી વિભાગો અને બેંકોના પ્રાદેશિક વડાઓ અને ડાંગ જિલ્લાના તમામ શાખા વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### આધુનિક કો-વર્કિંગ સુવિધા સાથે મુસાફરોના પ્રતીક્ષા અનુભવને નવો આયામ

# વડોદરા સ્ટેશન પર 'એરપોર્ટ જેવો અનુભવ', ગુજરાતના પ્રથમ ડિજિટલ લાઉન્જનું માનનીય સાંસદ ડૉ. હેમાંગ જોશી દ્વારા ઉદ્ઘાટન









મુસાફરોની સુવિધાઓને મજબૂત બનાવવાના દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ તરીકે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા વડોદરા રેલવે સ્ટેશન પર ડિજિટલ લાઉન્જ / કો-વર્કિંગ સ્પેસ વિકસાવવામાં આવ્યો છે, જેનું આજે વડોદરાના માનનીય સાંસદ ડૉ. હેમંગ જોશી તથા માનનીય વિધાનસભ્ય કેયુર રોકડિયા દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ સુવિધા ગુજરાતમાં પોતાની જાતની પ્રથમ તથા ભારતીય રેલવેમાં મુંબઈ સેન્ટ્રલ પછી બીજી છે, જે વડોદરા સ્ટેશનને આધુનિક મુસાફર સુવિધાઓના નવા સ્તર પર લઈ જાય છે. આ અવસર પર માનનીય સાંસદ ડૉ. હેમંગ જોશીએ જણાવ્યું કે વડોદરા રેલવે સ્ટેશન પર અમે જોયું કે 'વિકસિત વડોદરા થી વિકસિત ભારત' કેવી રીતે બની શકે. જ્યાં આજે ડિજિટલ લાઉન્જનું ઉદ્ઘાટન થયું છે, જેમ એરપોર્ટના અંદર VVIP લાઉન્જ હોય છે, તેવી જ સુવિધા હવે વડોદરા રેલવે સ્ટેશન પર ઉપલબ્ધ છે. મુસાફરોને મુસાફરી દરમિયાન મીટિંગમાં જોડાવું હોય, ચા-નાસ્તો કરવો હોય અથવા થોડો આરામ કરવો હોય તો આ બધી સુવિધાઓ એક જ સ્થળે ઉપલબ્ધ છે. તેમજ ખૂબ જ ન્યૂનતમ ખર્ચે શાવર અને વોશરૂમ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આજે વડોદરા રેલવે સ્ટેશનને એક નવું કદમ મળ્યું છે. નોંધનીય છે કે સમગ્ર ભારતમાં બીજી અને ગુજરાતમાં પ્રથમ એવી આ સુવિધા વડોદરા સ્ટેશન પર શરૂ થઈ છે.

માનનીય વિધાનસભ્ય કેયુર રોકડિયાએ જણાવ્યું કે ખરેખર હવે વડોદરા રેલવે સ્ટેશન પર એરપોર્ટ જેવી સુવિધાઓ મળશે. બુલેટ ટ્રેન પણ વડોદરા નજીક આવવાની છે, તેની સ્ટેશન સાથે કનેક્ટિવિટી, નવા ફીચર્સ ઉમેરવા તથા કાર્ગો માટે અલગ ડેક બનાવવાની યોજનાઓ ભવિષ્યમાં અમલમાં મુકવામાં આવશે.

આ પ્રસંગે વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે આ પ્રસંગે જણાવ્યું કે માનનીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે વડોદરા સ્ટેશનને વર્લ્ડ ક્લાસ બનાવવા માટે સતત માર્ગદર્શન આપ્યું છે. આ દિશામાં સ્ટેશન પર સ્વચ્છતા જાળવવા માટે પ્રયત્નો થઈ રહ્યા છે અને તેને પશ્ચિમ રેલવેનું સૌથી સ્વચ્છ સ્ટેશન બનાવવા પ્રયત્નશીલ છે. રેલવે બોર્ડના અધ્યક્ષ તથા મુખ્ય કાર્યકારી અધિકારીના માર્ગદર્શન હેઠળ વડોદરા સ્ટેશનને એરપોર્ટ સમાન વિકસાવવા તથા 'ઉત્તમ સ્વચ્છ સ્ટેશન' અભિયાનને આગળ વધારવા માટે આ ડિજિટલ લાઉન્જ વિકસાવવામાં આવ્યો છે. વડોદરાના વટવૃક્ષ થીમ પર આધારિત આ લાઉન્જ આધુનિક સુવિધાઓથી સજ્જ છે અને મુસાફરોને ઉત્તમ સેવા આપવાની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનાવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે વડોદરા એક પ્રમુખ કોમર્શિયલ, ઈન્ડસ્ટ્રીયલ અને બિઝનેસ હબ છે તેમજ એકતાનગર અને ધાર્મિક સ્થળોને કારણે અહીં મોટી સંખ્યામાં લોકો આવે છે. તેમના માટે આ સુવિધા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આગામી ૧૮ મહિનામાં ૪ નવા ફૂટ ઓવર બ્રિજ બનાવવામાં આવશે અને દિવ્યાંગજનો માટેની સુવિધાઓમાં પણ સુધારો કરવામાં આવશે. હાઈ-સ્પીડ ટ્રેન માટેની કનેક્ટિવિટીનું આયોજન પણ તૈયાર છે. વડોદરાના નાગરિકોને વધુ સારી રેલ સુવિધા આપવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

મંડળના વરિષ્ઠ વાણિજ્ય પ્રબંધક શ્રી નરેન્દ્ર કુમારે જણાવ્યું કે ડિજિટલ લાઉન્જને આધુનિક મુસાફરીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવ્યો છે. તેમાં હાઈ-સ્પીડ Wi-Fi, વર્કસ્ટેશન, ચાર્જિંગ પોઈન્ટ, આરામદાયક બેઠકો અને કોન્ફરન્સ સુવિધાઓ ઉપલબ્ધ છે, જેથી મુસાફરો પોતાના પ્રતીક્ષા સમયનો સદુપયોગ કરી શકે. ઉપરાંત પ્રિન્ટિંગ, સ્કેનિંગ, ફોટોકોપી સેવાઓ, ચા-નાસ્તો, કોફી અને પીણાંની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. મુસાફરો માટે પ્રતિ કલાક ઉપયોગ, ટૂંકી અવધિની બેઠક અને લાઉન્જ પેકેજ જેવી લચીલી યોજનાઓ પણ ઉપલબ્ધ રહેશે. મીટિંગ રૂમ બુકિંગ, બંડલ સેવાઓ અને પે-પર-યૂઝ સુવિધાઓ પણ આપવામાં આવશે. વધુ આરામ માટે લાઉન્જમાં રિકલાઈનર બેઠકો પણ ઉપલબ્ધ છે.

આ ડિજિટલ લાઉન્જ 24x7 ચાલુ રહેશે અને તેમાં રિયલ-ટાઈમ ટ્રેન માહિતી, CCTV દેખરેખ, નિયંત્રિત પ્રવેશ, આધુનિક શૌચાલય તથા કેશલેસ પેમેન્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. સાથે સાથે સ્વચ્છતા, સુરક્ષા અને મુસાફરોની સુવિધા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

આ પહેલ વડોદરા રેલવે સ્ટેશનને વધુ આરામદાયક, આધુનિક અને કાર્યક્ષમ મુસાફરીનો અનુભવ આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે અને પશ્ચિમ રેલવેની મુસાફર-કેન્દ્રિત સેવાઓને નવી ઊંચાઈએ પહોંચાડશે.

## ખેડબ્રહ્મા – વડાલી રેલખંડ પર ટેસ્ટ ટિકિટ જારી, નવી રેલ સેવા શરૂ કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું

અમદાવાદ મંડળ, પશ્ચિમ રેલવે દ્વારા જાણ કરવામાં આવે છે કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ ગુજરાત રાજ્યમાં રૂા.૮૯૧ કરોડના ખર્ચે વિવિધ મહત્વપૂર્ણ રેલવે પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કરશે. આ પ્રોજેક્ટ્સ અંતર્ગત ખેડબ્રહ્મા – હિંમતનગર – અમદાવાદ (અસારવા) વચ્ચે નવી ટ્રેન સેવાનો શુભારંભ તેમજ ખેડબ્રહ્મા – હિંમતનગર રેલખંડનું રાષ્ટ્રને સમર્પણ સામેલ છે. આ જ ક્રમમાં, આજે તા. ૨૮ માર્ચ, ૨૦૨૬ના રોજ ખેડબ્રહ્માથી વડાલી સુધીનું સફળતાપૂર્વક રૂા.૧૦ના મૂલ્યની ટેસ્ટ ટિકિટ જારી કરીને પરિચાલનની પરીક્ષણ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી, જે આ નવી રેલ સેવાના શુભારંભની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. આ પરીક્ષણ યાત્રીઓ માટે ટિકિટિંગ વ્યવસ્થા, પરિચાલન પ્રણાલી અને સુવિધાઓની તૈયારીઓનું સફળ મૂલ્યાંકન દર્શાવે છે. તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ નવી ટ્રેન સેવાના શુભારંભ પૂર્વે, સ્થાનિક સાંસદ અને ધારાસભ્યો તથા અન્ય જનપ્રતિનિધિઓ દ્વારા ૧૧મી સદીના પ્રાચીન બ્રહ્મા મંદિર ખાતે પૂજા-અર્ચના કરવામાં આવશે અને ત્યારબાદ રેલવે સ્ટેશન પર પણ વિધિવત પૂજન કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે. ખેડબ્રહ્મા ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં આવેલું એક પ્રાચીન અને પવિત્ર ધાર્મિક નગર છે, જેને બ્રહ્મક્ષેત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સ્થળ ભગવાન બ્રહ્મા, ઋષિ ભૃગુ અને મા અંબિકા સાથે જોડાયેલ શ્રદ્ધાનું મહત્વપૂર્ણ કેન્દ્ર રહ્યું છે. અહીં આવેલું પ્રખ્યાત અંબાજી મંદિર, જેને સ્થાનિક સ્તરે "નાના અંબાજી" તરીકે ઓળખવામાં આવે છે, તે વિસ્તારની ગ્રામદેવી તરીકે પૂજાતી મા અંબિકાને સમર્પિત છે. આ મંદિર તેની પ્રાચીનતા, આધ્યાત્મિક મહત્વ અને સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિને કારણે વિશિષ્ટ ઓળખ ધરાવે છે. મંદિરની સ્થાપત્ય શૈલી પરંપરાગત મારુ-ગુર્જર શૈલીમાં નિર્મિત છે, જેમાં નકશીદાર સ્તંભ, ગર્ભગૃહ અને શાંત પરિસર દર્શનીય છે. ઐતિહાસિક માન્યતાઓ અનુસાર આ સ્થળ તે સ્થાન છે જ્યાં ભગવાન બ્રહ્માએ યજ્ઞ કર્યો હતો તેમજ દેવી અંબિકાએ અસુરોનો સંહાર કરીને સાધુઓની રક્ષા કરી હતી? ત્યારથી આ સ્થળ એક મુખ્ય શક્તિ ઉપાસના કેન્દ્ર તરીકે વિકસ્યું છે. મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ, શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે આ નવી રેલ સેવા ન માત્ર વિસ્તારના યાત્રીઓને સુવિધા પૂરી પાડશે, પરંતુ ધાર્મિક પ્રવાસન, સ્થાનિક વેપાર તેમજ સામાજિક-આર્થિક વિકાસને પણ નવી ગતિ આપશે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સાણંદ અને નરોડા GIDCના રૂા.૨૭૧ કરોડથી વધુના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરાશે

વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાના મંત્ર સાથે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે.

આ મુલાકાત દરમિયાન તેઓ અમદાવાદના સાણંદ ખાતેથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા સંપન્ન થયેલા રૂા.૨૭૧.૨૦ કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. અમદાવાદના સાણંદ ખાતે આશરે ૨,૦૫૬ હેક્ટરમાં ફેલાયેલી ઔદ્યોગિક વસાહત આજે સેમિકન્ડક્ટર, ઓટોમોબાઈલ અને ફાર્માસ્યુટિકલ્સ જેવા હાઈ-ટેક ઉદ્યોગોનું હબ બની છે. અહીં ૧,૧૫૦થી વધુ એકમો કાર્યરત છે. ચોમાસા દરમિયાન આ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીની ગંભીર સમસ્યાના કાયમી નિવારણ માટે GIDC દ્વારા બે મહત્વકાંક્ષી પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવામાં આવ્યા છે.

જેમાં પૂર્વ અને પશ્ચિમ ડ્રેઈન પ્રોજેક્ટ અંતર્ગત વસાહતની બંને બાજુએ ૧૮.૭૧ કિ.મી. લાંબી RCC સ્ટોર્મ વોટર ડ્રેઈન બનાવવામાં આવી છે, જે આંતરિક અને ઉપરવાસના પાણીનો નિકાલ કરશે. તે ઉપરાંત સાણંદ-વિરમગામ હાઈવે પરના મુખ્ય પ્રવેશદ્વારો પાસે ૧૮.૩૫ કિ.મી. લાંબી ડ્રેઈન સિસ્ટમ વિકસાવવામાં આવી છે.

માર્ચ ૨૦૨૬માં પૂર્ણ થયેલા આ પ્રોજેક્ટ્સથી સાણંદ વસાહત હવે 'ઝીરો વોટર લોગિંગ' ઝોન બનવા તરફ આગળ વધી રહ્યું છે.

૧૯૬૩માં સ્થપાયેલી રાજ્યની સૌથી જૂની વસાહતોમાંની એક એવી નરોડા ઔદ્યોગિક વસાહતને પણ રાજ્ય સરકારની 'Assistance for Industrial Infrastructure (A.I.I.)' યોજના હેઠળ નવું કલેવર આપવામાં આવ્યું છે. રૂા.૨૭.૨૦ કરોડ ના ખર્ચે અહીં વિવિધ કામો પૂર્ણ કરાયા છે. જે અંતર્ગત આંતરિક માર્ગોનું મજબૂતીકરણ અને વિસ્તરણ, સ્ટોર્મ વોટર ડ્રેઈન અને કુદરતી નાળાનું લાઈનિંગ, ૧.૧૯ લાખ ચો.મી. વિસ્તારમાં પેવર બ્લોક, ફૂટપાથ અને પાર્કિંગની સુવિધા તેમજ નવી સ્ટ્રીટ લાઈટ્સ, હાઈ-માસ્ટ લાઈટ્સ, સેક્યુરિટી કેબિન અને ટોયલેટ બ્લોક્સનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ્સના લોકાર્પણથી સાણંદ અને નરોડાના હજારો લઘુ અને મોટા ઉદ્યોગોને સીધો ફાયદો થશે. આધુનિક ડ્રેઈન સિસ્ટમ, સ્માર્ટ વોટર મીટર, CCTV સર્વેલન્સ અને મજબૂતીકરણ કરેલ રસ્તાઓને કારણે માલ-સામાનની હેરફેર સરળ બનશે અને વૈશ્વિક રોકાણકારો માટે ગુજરાત વધુ આકર્ષક બનશે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થનારા આ લોકાર્પણ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ મંત્રીમંડળના સભ્યો અને અગ્રણી ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેશે.

### ૧૭થી વધુ લોકો સામે ગુનો નોંધાયો

# ગુજરાતમાં LPGની બૂમરાણ વચ્ચે સરકારને ૧૦,૦૦૦ ફરિયાદો મળી

### ભયનું વાતાવરણ ઊભું કરનારા તત્વો સામે કડક કાયદાકીય પગલાં લેવામાં આવે આ માટે જિલ્લા કલેક્ટરો અને SP ને ખાસ આદેશ આપવામાં આવ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

દેશમાં ઈંધણ અને ગેસ પુરવઠાને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે ગુજરાત સરકારે મહત્ત્વપૂર્ણ પગલા લીધા છે. આજે (૨૮ માર્ચ, ૨૦૨૬) વહેલી સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી રાજ્યમાં PNG અને LPG સપ્લાયની સ્થિતિની સમીક્ષા કરી હતી.જેમાં છેલ્લા પાંચ દિવસથી ગેસ અને ઈંધણની અછત અંગે જે અફવાઓ ફેલાઈ રહી છે તેનાથી નાગરિકોએ દૂર રહેવું જોઈએ. અફવા ફેલાવી ભયનું વાતાવરણ ઊભું કરનારા તત્વો સામે કડક કાયદાકીય પગલાં લેવામાં આવે. આ માટે જિલ્લા કલેક્ટરો અને SP ને ખાસ આદેશ આપવામાં આવ્યા છે.

રાજ્યમાં ગેસ સિલિન્ડરને લગતી અંદાજે ૧૦,૦૦૦ જેટલી ફરિયાદો સરકારને મળી હતી, જેનું નિરાકરણ લાવવાની પ્રક્રિયા તેજ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત કાળાબજારી કરનારા ૧૭ થી વધુ લોકો સામે ગુના નોંધવામાં આવ્યા છે. ગુજરાત હાલમાં ૨૩ ટકા PNG સપ્લાય સાથે દેશમાં અગ્રેસર છે. હવે સરકારનો લક્ષ્યાંક છે કે, અમદાવાદ જેવા મહાનગરોમાં તમામ કોમર્શિયલ કનેક્શનને PNG માં રૂપાંતરિત કરવામાં આવે. હોસ્પિટલો, શાળાઓ અને અન્ય જાહેર સંસ્થાઓમાં પણ ફરજિયાત PNG કનેક્શન આપવામાં આવશે. નવા PNG કનેક્શન માટેની પ્રક્રિયા ઝડપી બનાવી વધુમાં વધુ પરિવારોને પાઈપલાઈન ગેસ સાથે જોડવામાં આવશે. નોંધનીય છે કે,આગામી દિવસોમાં અમદાવાદમાં ૧૧,૩૫૦ નવા PNG કનેક્શન અપાશે. છેલ્લા ૧૦ દિવસમાં જ ૧૨,૦૦૦થી વધુ PNG અને ૩૦૦ કોમર્શિયલ કનેક્શન આપવામાં આવ્યા છે. હોસ્પિટલ અને સ્કૂલ જેવી સંસ્થાઓને પ્રથમ અગ્રતા અપાશે.

રાજ્ય સરકારે તમામ ઉદ્યોગો સાથે પણ બેઠક યોજી છે. ઉદ્યોગ જગતને સૂચના આપવામાં આવી છે કે શ્રમિકોને જમવાની કોઈ તકલીફ ન પડે અને તેમને પગાર વહેલો ચૂકવવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવી. આગામી દિવસોમાં જિલ્લા અને મહાનગર સ્તરે પણ બેઠકો યોજી સ્થાનિક પ્રશ્નો ઉકેલવામાં આવશે. સરકારે આશ્વાસન આપ્યું છે કે વિશ્વના ઘણાં દેશોમાં ઉર્જા સંકટને કારણે મુશ્કેલીઓ પડી રહી છે, પરંતુ ભારત અને ખાસ કરીને ગુજરાતમાં સપ્લાય ચેઈન જાળવી રાખવા માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્યના ૧.૨૮ કરોડ LPG ગ્રાહકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે વિશેષ ટીમ કાર્યરત કરવામાં આવી છે.

### સુરક્ષિત અમદાવાદના દાવાના ફરી ઉડ્યા ધજાગરા

# નાસ્તાના પૈસા માંગ્યા તો ગુંડાઓએ મણિનગર માથે લીધું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

એક બે નહીં અનેક એવી ઘટનાઓ સામે આવે છે જેમાં સ્માર્ટ શહેરની સ્માર્ટ પોલીસ ઊંઘતી ઝડપાય છે. ગુંડા તત્વોને ન હવે પોલીસનો ડર રહ્યો છે, ન તો કાયદાનો, બસ મનફાવે તેમ દાદાગીરી કરી લોકોમાં ડરનો માહોલ ઉભો કરી રહ્યા છે.

વાત છે અમદાવાદનું હૃદય ગણાતા મણિનગર વિસ્તારની,જ્યાં નાસ્તાની લારીએ લુખ્ખા તત્ત્વોએ ભરપેટ નાસ્તો ખાધો બાદમાં પૈસા આપવાના કહ્યા તો બે યુવક પર ઘાતકી હુમલો કર્યો. સમગ્ર ઘટનાના સીસીટીવી હાલ સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ રહ્યા છે. લોકો પોલીસને પૂછી રહ્યા છે કે સોશિયલ મીડિયામાં સક્રિય રહેતી અમદાવાદ પોલીસને કેમ આવી ઘટનાઓ દેખાતી નથી, અનેક એવા કિસ્સાઓ સામે આવ્યા છે જ્યારે સામાન્ય લોકોને લુખ્ખાઓ હેરાન કરી રહ્યા છે અને પોલીસ બસ after અને beforeનો વીડિયો મૂકી માફી મંગાવી સંતોષ માની રહી છે.

રિક્ષા ભર બજારમાં અધવચ્ચે મૂકી આવારા તત્ત્વો લારીવાળા યુવકો દ્રષ્ટાંત મોદી અને તેના મિત્ર અભયસિંહ સાથે ઝઘડો કરી રહ્યા છે, મામલો ઉગ્ર બનતા બંને યુવકો જીવ બચાવવા નાસી છૂટે છે, ત્યારે ૪-૫ આરોપીઓ તેમની પાછળ દોડી તેમની સાથે જીવલેણ મારામારી કરે છે. અરે હદ તો ત્યારે થાય છે કે યુવક પર રિક્ષા ચઢાવવાનો પણ પ્રયાસ કરવામાં આવે છે. હાલ ગંભીર રીતે ઘાયલ એક યુવક એલજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટનામાં એક જ પ્રશ્ન છે કે લાજવાને બદલે ગાજતી પોલીસ અને ક્યાં છે! કેમ ગુંડાઓની હિંમત દિવસે ને દિવસે વધી રહી છે. આવા લુખ્ખા તત્ત્વો સામે દાખલારૂપ કાર્યવાહી થશે કે કેમ તે યક્ષ પ્રશ્ન છે, હાલ તો મણિનગર પોલીસે ગુનો નોધી વધુ તપાસ શરૂ કરી છે! નેતાઓના સુરક્ષિત ગુજરાતના દાવાઓ પર તમાચો મારતી આવી ઘટનાઓ ફરી ન બને તે માટે માત્ર વાતો નહીં પણ એક્શન જરૂરી છે!

### પંચમહાલ LCBની મોટી કાર્યવાહી

# મકાઈની બોરીઓની આડમાં લઈ જવાતો લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)પંચમહાલ

પંચમહાલ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)એ દારૂબંધીના અમલ માટે બાતમીના આધારે મોરવા હડફ તાલુકાના સાલીયા નજીકથી વિદેશી દારૂનો મસમોટો જથ્થો ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. તસ્કરો દ્વારા મકાઈની બોરીઓની આડમાં ખૂબ જ ચાલાકીપૂર્વક લઈ જવાતો દારૂનો જથ્થો પકડી પાડી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, પંચમહાલ એલસીબીને ચોક્કસ બાતમી મળી હતી કે દાહોદથી ગોધરા તરફ આવી રહેલી એક ટ્રકમાં મકાઈની બોરીઓની નીચે વિદેશી દારૂ છુપાવીને લઈ જવામાં આવી રહ્યો છે.

આ બાતમીના આધારે એલસીબીની ટીમે સાલીયા નજીક દાહોદ-ગોધરા હાઈવે પર વોચ ગોઠવી નાકાબંધી કરી હતી. શંકાસ્પદ ટ્રક આવતા જ તેને ઊભી રખાવીને તપાસ કરવામાં આવી હતી.

પોલીસે જ્યારે ટ્રકની પાછળના ભાગે તપાસ કરી ત્યારે પ્રથમ દ્રષ્ટિએ માત્ર મકાઈની બોરીઓ જ નજરે પડી હતી. જોકે, ઊંડાણપૂર્વક તપાસ કરી બોરીઓ હટાવતા જ પોલીસ ટીમ પણ ચોંકી ઉઠી હતી. મકાઈની બોરીઓના નીચેના ભાગે વિદેશી દારૂનો મોટો જથ્થો વ્યવસ્થિત રીતે ગોઠવેલો હતો. પોલીસે ગણતરી કરતા અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૯,૩૬૦ બોટલો અને બિયરના ટીન મળી આવ્યા હતા.

પોલીસે ૨૮.૬૯ લાખ રૂપિયાનો દારૂ અને દારૂની હેરાફેરીમાં વપરાયેલી ટ્રક સહિત કુલ ૩૯.૨૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ટ્રકચાલક ઈરફાનખાન સલીમખાનને સ્થળ પરથી ઝડપી લેવામાં આવ્યો છે. આ મામલે મોરવા હડફ પોલીસ મથકે ટ્રકચાલક સહિત બે શખસો સામે પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે કે આ દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો.

### બોર્ડ પરીક્ષામાં ડમી વિદ્યાર્થી કાંડનો પર્દાફાશ

# વિદ્યાર્થી વતી પેપર લખનાર શિક્ષક સામે પોલીસ ફરિયાદ

### આ મામલે મહુવા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં ધોરણ ૧૨ (HSC)ની બોર્ડની રીપીટ પરીક્ષામાં એક ચોંકાવનારું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) કચેરીના નિરીક્ષકની સતર્કતાને કારણે ડમી વિદ્યાર્થી બેસાડવાનું આખું રેકેટ ખુલ્લું પડ્યું છે. આ મામલે મહુવા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઘટનાની સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, જેણે શિક્ષણ આપવાનું હોય તેવા એક કરાર આધારિત શિક્ષકે જ ડમી વિદ્યાર્થી બનીને પરીક્ષા આપી હતી. ફરિયાદ મુજબ, રાહુલ જીતુભાઈ શિયાળ નામના વિદ્યાર્થીના બદલે ધાર્મિક ઢાપા નામના શિક્ષકે પરીક્ષા આપી હતી. ધાર્મિક ઢાપાએ પોતે વિદ્યાર્થી હોવાનું સ્થાપિત કરવા માટે ખોટા દસ્તાવેજો અને ઓળખનો ઉપયોગ કર્યો હતો.તપાસ દરમિયાન સામે આવ્યું છે કે ૨૭ ફેબ્રુઆરી માળીયા ગામની મધુમતી સ્કૂલમાં 'તત્વજ્ઞાન'નું પેપર ધાર્મિક ઢાપાએ આપ્યું હતું.૧૩ માર્ચ જાફરી અને ફાતિમા સ્કૂલમાં 'ભૂગોળ'નું પેપર પણ આ જ રીતે આપવામાં આવ્યું હતું.જ્યારે DEO કચેરી દ્વારા સીટ નંબર, પરીક્ષાની રસીદ અને ખાસ કરીને CCTV ફૂટેજની ઝીણવટભરી તપાસ કરવામાં આવી ત્યારે ખબર પડી કે પરીક્ષા આપનાર વ્યક્તિ અસલ વિદ્યાર્થી નથી. ડોક્યુમેન્ટની ચકાસણી બાદ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. મહુવા પોલીસે રાહુલ શિયાળ અને શિક્ષક ધાર્મિક ઢાપા વિરુદ્ધ છેતરપિંડી અને બોર્ડના નિયમોના ભંગ બદલ ફરિયાદ નોંધી છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે, શું આ પરીક્ષા આપવા માટે કોઈ મોટી નાણાકીય લેતીદેતી થઈ હતી? આ સિવાય આ રેકેટમાં અન્ય કોઈ શૈક્ષણિક સંસ્થા કે વ્યક્તિ સામેલ છે કે કેમ તેની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે.

## નરોડામાં યુવતી પર એસિડ જેવું જ્વલનશીલ પ્રવાહી ફેંકી હુમલો, પતિની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં અસામાજિક તત્ત્વોનો આતંક સતત વધી રહ્યો છે, ત્યારે નરોડા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શુક્રવારે (૨૭મી માર્ચ) મોડી સાંજે નોકરી પરથી ઘરે પરત ફરી રહેલી ૨૮ વર્ષીય યુવતી પર અજાણ્યા શખસે એસિડ જેવું જ્વલનશીલ પ્રવાહી ફેંકી જીવલેણ હુમલો કર્યો છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પોલીસે હાલ પીડિતાના પતિની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. નરોડાના ગેલેક્સી વિસ્તારમાં ૨૮ વર્ષીય યુવતી પોતાની નોકરી પૂરી કરી માર્ગ પરથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન પાછળથી હેલ્મેટ પહેરીને આવેલા અજાણ્યા શખસે યુવતી પર ઓચિંતા એસિડ જેવું કોઈ તીવ્ર જ્વલનશીલ પ્રવાહી ફેંક્યું હતું. પ્રવાહી શરીરે અડતા જ યુવતી રસ્તા પર ઢળી પડી હતી અને અસહ્ય પીડાને કારણે ચીસાચીસ કરવા લાગી હતી. હુમલો કર્યા બાદ હુમલાખોર અંધારાનો લાભ લઈ ત્યાંથી નાસી છૂટ્યો હતો.આ હુમલામાં યુવતીના હોઠ અને આંખના ભાગે પ્રવાહી પડતા તેને ગંભીર ઈજાઓ પહોંચી છે. સદનસીબે શરીરના અન્ય ભાગો પર પ્રવાહી પડ્યું નથી, પરંતુ ચહેરાના ભાગે થયેલી ઈજાઓને કારણે તેની હાલત ગંભીર હોવાનું જણાવાઈ રહ્યું છે. ભોગ બનનાર યુવતીને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. નરોડા પોલીસ સ્ટેશન દ્વારા આ મામલે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. યુવતીએ પોલીસને જણાવ્યું હતું કે તેના માતા-પિતા વચ્ચે લાંબા સમયથી પારિવારિક વિખવાદ ચાલી રહ્યો છે. પીડિતા અને તેની માતાએ આક્ષેપ કર્યો છે કે, આ હુમલો તેના પિતા દ્વારા જ કરવામાં આવ્યો છે અથવા તો કોઈ અન્ય પાસે કરાવવામાં આવ્યો છે. પરંતુ ઘટનાના સીસીટીવીના આધારે પોલીસે કરેલી પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

# ૧૦ જૂનથી પોરબંદર–દાદર દૈનિક સૌરાષ્ટ્ર એક્સપ્રેસની કોચ સંરચનામાં ફેરફાર




યાત્રિયોની વધતી માંગ અને તેમની સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નંબર ૧૯૦૧૬/૧૯૦૧૫ પોરબંદર–દાદર–પોરબંદર દૈનિક સૌરાષ્ટ્ર એક્સપ્રેસની કોચ સંરચનામાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતા જણાવ્યું કે હાલ ચાલી રહેલી સેકન્ડ એસી કમ થર્ડ એસી (2AC cum 3AC) કોચના બદલે હવે અલગ-અલગ એક સેકન્ડ એસી (2AC) અને એક થર્ડ એસી (3AC) કોચ લગાવવામાં આવશે. આથી યાત્રિયોને વધુ સારી સુવિધા અને વધુ વિકલ્પો મળશે.

આ સુધારેલી કોચ રચના નીચે મુજબ અમલમાં આવશેઃ

ટ્રેન નંબર ૧૯૦૧૬ પોરબંદર–દાદર દૈનિક સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં ૧૦ જૂન, ૨૦૨૬ થી

ટ્રેન નંબર ૧૯૦૧૫ દાદર–પોરબંદર દૈનિક સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં ૧૩ જૂન, ૨૦૨૬ થી

યાત્રિયોને વિનંતી છે કે મુસાફરી પહેલાં ટ્રેનના સંચાલન અને કોચ સંરચનાની તાજી માહિતી NTES App, Indian Railwaysની સત્તાવાર વેબસાઈટ www. en-quiry. indianrail.gov.in અથવા રેલવે હેલ્પલાઈન નંબર ૧૩૯ દ્વારા મેળવી લેવી.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટમાં ૧૦૧૦ આવાસો સહિત રૂ.૭૫૧ કરોડના વિકાસ કામોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયાં

## ભવિષ્યના રાજકોટ માટે રૂ. ૫૪૩ કરોડના ૪૦ નવા પ્રોજેક્ટ્સનો પાયો નખાયો: માર્ગ, ડ્રેનેજ અને રોશનીના કામોથી શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મળશે નવી ગતિ




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે રાજકોટમાં મહાનગર પાલિકાનાં રૂ. ૭૫૧.૨૦ કરોડના ૪૫ જેટલા વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂ. ૧૧૯.૦૫ કરોડના ખર્ચે નવનિર્મિત EWS-II પ્રકારના આવાસોનું લોકાર્પણ કરીને, મુખ્યમંત્રીશ્રી દ્વારા ૧૦૧૦ પરિવારોને આધુનિક સુવિધાસભર "ઘરના ઘર"ની ભેટ અપાઈ છે. આ સાથે રૂ. ૯.૭૮ કરોડના ખર્ચે નિર્મિત પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને નવા વ્હીકલ ટેસ્ટ ટ્રેકનું પણ લોકાર્પણ કરાયું હતું.

રાજકોટમાં પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, "ઈઝ ઓફ લિવિંગ" અને "અર્ન વેલ, લિવ વેલ"ની નેમ સાથે આગળ વધતા રાજકોટને આજે રૂ. ૭૫૧.૨૦ કરોડના વિકાસ કામોની ભેટ મળી છે. ગુજરાત રાજ્યનું વિકાસ મોડેલ અને વિકાસ કાર્યો માટે ગુજરાતનું નાણાકીય પ્રબંધન દેશમાં પ્રથમ ક્રમે છે. નાગરિકોની સુખાકારી માટે જરૂરી એક પણ વિકાસ કાર્ય બાકી નહીં રાખવામાં આવે તેવી ખાતરી આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતુ કે, ગુજરાત સરકાર આયોજનબદ્ધ વિકાસ કાર્યોને ક્યારેય નામંજૂર નથી કરતી. આવા કાર્યોના આયોજનો તત્કાલ મંજૂર કરી દેવામાં આવે છે. આ તકે તેમણે થઈ રહેલા વિકાસ કાર્યોમાં ગુણવત્તા જાળવવા પર ભાર મૂક્યો હતો.

દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવાનો સંકલ્પ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યો છે ત્યારે 'વિકસિત ભારત' માટે દેશના સામાન્ય માણસને મુખ્ય ધારામાં લાવવો જરૂરી છે અને તેના માટે જ રાજ્યમાં 'વાઈબ્રન્ટ ગુજરાત સમિટ'ને રિજનલ સ્તરે લઈ જવામાં આવી હોવાનું મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારના વડા તરીકે શાસનકાળના ૮૯૩૧ દિવસ પૂર્ણ કર્યા છે, તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતુ કે, શ્રી નરેન્દ્રભાઈની જનપ્રતિનિધિ તરીકેની યાત્રાની શરૂઆત રાજકોટથી થઈ હતી અને રાજકોટથી શરૂ થયેલો આ રેકોર્ડ આજે સતત આગળ વધી રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, સામાન્ય માનવીના કલ્યાણના મંત્ર સાથે કામ કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદી ગરીબોના જીવનમાં વાસ્તવિક પરિવર્તન લાવ્યા છે. આજે પેટ્રોલમાં એક્સાઈઝ ડ્યૂટી રૂ. ૧૩થી ઘટાડીને રૂ. ૩ અને ડીઝલમાં એક્સાઈઝ શૂન્ય કરી નાખવામાં આવી છે. વિશ્વમાં જ્યારે પણ સંકટ ઊભું થયું, ત્યારે શ્રી નરેન્દ્રભાઈએ હિંમતપૂર્વક નિર્ણયો લીધા છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન છે કે દેશના દરેક ગરીબ અને મધ્યમ વર્ગના પરિવાર પાસે પોતાનું 'ઘરનું ઘર' હોય. આ સપનાને સાકાર કરવા ગુજરાત સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે. આજે રાજકોટમાં આવાસ યોજનાના માધ્યમથી એક હજારથી વધુ પરિવારોને તેમના સપનાનું ઘર મળી રહ્યું છે.

આ અવસરે રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આજના કાર્યક્રમને જનસુખાકારી માટેનો ઐતિહાસિક અવસર ગણાવતા જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૧૫ દિવસમાં જ રૂ. ૧૧૦૦ કરોડથી વધુના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે, જે એક રેકોર્ડ છે. હાલમાં જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ દ્વારા રજૂ થયેલા અને વિધાનસભામાં પસાર થયેલા સમાન નાગરિક સંહિતા બિલ અંગે તેમણે કહ્યું હતું કે, યુ.સી.સી. બિલ એ મુખ્યમંત્રીશ્રીનું 'દિલ' છે. સમગ્ર દેશમાં આ બિલ લાવનારું ગુજરાત બીજું રાજ્ય છે. આ સાથે જનતાના હિત માટે જરૂરી હશે તેવા તમામ નિર્ણયો ગુજરાત સરકાર કરતી જ રહેશે, તેવી ખાતરી તેમણે આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, સૌરાષ્ટ્રથી વિકાસની ધારા ગુજરાતભરમાં વહી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં વણથંભી વિકાસ યાત્રાના પરિણામે આવેલું પરિવર્તન દેખાઈ રહ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાના અવિરત પ્રયત્નોને પરિણામે આજે રાજકોટના દરેક ખૂણાનો વિકાસ થયો છે.

જ્યારે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું હતુ કે, આજે રાજકોટમાં શહેરી વિકાસ વિભાગના રૂ. ૫૪૩ કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણ તથા રૂ. ૨૦૭ કરોડના વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત થયા છે. આ બદલ તેમણે નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે કહ્યું હતું કે, ઉત્સવપ્રિય અને રંગીલું રાજકોટ હવે વિકાસ કાર્યોમાં પણ અગ્રેસર થઈ રહ્યું છે. ડ્રેનેજ, પાણી, રોડ-રસ્તાના વિકાસ કાર્યોથી આગળ વધીને રાજ્ય સરકારે ગરીબોની વેદના જાણીને આવાસોને પ્રાથમિકતા આપી છે. રાજકોટમાં છેલ્લા પાંચ વર્ષમાં ૪.૯૦ લાખ આવાસો બન્યા છે. લોકોની સુખાકારી માટે રાજ્ય સરકાર સતત તત્પર હોવાનો અને આગામી દિવસોમાં રાજકોટ વિકાસમાં મોડેલ સિટી બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. આ અવસરે સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતુ કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતનો સર્વાંગી વિકાસ થયો છે. આપણા દીઘર્દ્રષ્ટા પ્રધાનમંત્રીશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટનો ઐતિહાસિક પ્રારંભ થયો હતો. તેને આગળ વધારતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશા નિર્દેશ હેઠળ આ વાઈબ્રન્ટ સમિટ પ્રાદેશિક સ્તરે પહોંચી છે. રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું ભવ્ય આયોજન થયું અને સફળતા મળી તે ગૌરવની વાત છે.સ્વાગત પ્રવચન કરતા રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર શ્રી તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરમાં છેલ્લા એક જ માસમાં રૂ. ૧૧૦૦ કરોડના વિકાસ કામોના લોકાર્પણ - ખાતમુહૂર્ત થયા છે. નળ, રસ્તા, ગટર અને ઘર એમ ચારેય ક્ષેત્રમાં સેચ્યુરેશનનો પાયો નખાયો છે. આજના પ્રસંગે રૂ. ૧૬૧ કરોડના રોડના કામો તેમજ સૌરાષ્ટ્રના સૌથી મોટા વોટર ફિલ્ટર પ્લાન્ટનો પણ શિલાન્યાસ કરાયો છે.

કાર્યક્રમના અંતે નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી મહેશ જાની દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદો સર્વ શ્રી રામભાઈ મોકરીયા, શ્રી કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્યો સવશ્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયા, શ્રી ઉદયભાઈ કાનગડ, શ્રી દર્શિતાબહેન શાહ, અગ્રણી શ્રી માધવ દવે, જિલ્લા કલેકટરશ્રી ડૉ. ઓમ પ્રકાશ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

---

ગિફ્ટ સિટીમાં આજે ૧,૧૫૦થી વધુ IFSCA-રજિસ્ટર્ડ સંસ્થાઓ કાર્યરત

# GIFT સિટી: ભારતનું પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય અને IT હબ

ગાંધીનગરમાં સ્થિત ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (GIFT સિટી) ભારતના પ્રથમ સંપૂર્ણ કાર્યરત વૈશ્વિક નાણાકીય અને આઈટી હબ તરીકે ઉભરી આવ્યું છે, જે આંતરરાષ્ટ્રીય નાણાકીય ઈકોસિસ્ટમમાં દેશને અગ્રણી હરોળમાં સ્થાન આપે છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના પ્રવર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ સ્થાપિત કરવામાં આવેલ GIFT સિટી આજે એક સમૃદ્ધ, નીતિ-સંચાલિત અને વૈશ્વિક સ્તરે સીમાચિહ્નરૂપ નાણાકીય કેન્દ્રમાં પરિવર્તિત થયું છે.

શરૂઆતથી જ, ગિફ્ટ સિટીની પરિકલ્પના એક વિશ્વસ્તરીય ફાઈનાન્સ અને IT ઝોન તરીકે કરવામાં આવી હતી. એક એવું નાણાકીય કેન્દ્ર જે ફક્ત ભારતને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને સેવા પ્રદાન કરશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ એક જ અધિકારક્ષેત્ર હેઠળ નાણાકીય સેવાઓ, ટેક્નોલોજી, નિયમનકારી સરળતા અને માળખાગત સુવિધાઓને જોડતી એક સંકલિત ઈકોસિસ્ટમનો પાયો નાખવામાં આવ્યો. તેમનું વિઝન હવે એક જીવંત કેન્દ્રમાં પરિવર્તિત થયું છે જે સ્થાપિત વૈશ્વિક નાણાકીય કેન્દ્રો સાથે સીધી સ્પર્ધા કરે છે.

આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગિફ્ટ સિટીની ક્ષિતિજોને વિસ્તૃત કરવામાં આવી રહી છે અને તેઓ એ જ પ્રતિબદ્ધતા સાથે ગિફ્ટ સિટીના સાતત્ય, વિસ્તરણ અને ઝડપી વિકાસને સુનિશ્ચિત કરી રહ્યા છે. તેમના નેતૃત્વ હેઠળ, ગિફ્ટ સિટીએ ઊંચાઈના નવા શિખરો સર કર્યા છે, જે ભારતના આર્થિક વિકાસના ચાલકબળ તરીકે ગુજરાતની પ્રતિષ્ઠાને મજબૂત બનાવે છે.

ગિફ્ટ સિટીમાં આજે ૧,૧૫૦ થી વધુ IFSCA-રજિસ્ટર્ડ સંસ્થાઓ કાર્યરત છે. ગિફ્ટ સિટી ખાતે બેંકિંગ ક્ષેત્રનો પણ નોંધપાત્ર વિકાસ થયો છે, જે $106 બિલિયન સુધી પહોંચ્યો છે. આ વર્ષ ૨૦૨૦ની સરખામણીએ લગભગ સાત ગણો વધારો છે. વધુમાં, કેપિટલ માર્કેટ એટલે કે મૂડીબજાર પણ $80 બિલિયન સુધી પહોંચ્યું છે, અને દર મહિને એક્સચેન્જ ટર્નઓવર સતત $100 બિલિયનનો આંકડો પાર કરી રહ્યું છે. આ ઉપરાંત, $80 બિલિયનના લક્ષ્યાંક સાથે ૩૪૯ ફંડ્સ શરૂ કરવામાં આવ્યા છે, જે વૈશ્વિક મૂડી બજારોમાં ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.

ગિફ્ટ સિટીનો વિકાસ ફક્ત નાણાકીય પ્રવૃત્તિઓ પૂરતો જ સીમિત નથી. એવો અંદાજ છે કે, ગિફ્ટ સિટી ખાતે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧,૦૦,૦૦૦ થી વધુ રોજગારીઓનું સર્જન થવાની સંભાવના છે, જેમાં કમર્શિયલ (વ્યાપારી), રેસિડેન્શિયલ (રહેણાંક) અને ઈન્સ્ટિટ્યૂશનલ (સંસ્થાકીય) બાંધકામો માટે મોટા પાયા પર થનારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણનું મોટું યોગદાન રહેશે. આ સાથે જ, ગિફ્ટ સિટી ખાતે એક મજબૂત સામાજિક માળખાગત સુવિધાઓનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં આંતરરાષ્ટ્રીય શાળાઓ, ડેસ્ટિનેશન મોલ્સ, સેન્ટ્રલ પાર્ક અને સ્પોર્ટ્સ એરેના વગેરેનો સમાવેશ થાય છે. ગિફ્ટ સિટીમાં વસતા રહેવાસીઓ અને કામ કરતા વ્યાવસાયિકો બંને માટે 'લીવ, વર્ક, થ્રાઈવ' એટલે કે જીવો, કામ કરો અને સમૃદ્ધ બનોના મંત્ર સાથે આ સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગિફ્ટ સિટીમાં અત્યાધુનિક માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ છે. ભારતમાં પ્રથમવાર અન્ડરગ્રાઉન્ડ યુટિલીટી ટનલ અહીં સ્થાપિત કરવામાં આવી છે. તે સિવાય ડિસ્ટ્રિક્ટ કુલિંગ સિસ્ટમ અને ઓટોમેટેડ વેસ્ટ કલેક્શન દ્વારા કાર્યક્ષમ અને ટકાઉ કામગીરી સુનિશ્ચિત કરવામાં આવે છે.

વૈશ્વિક સ્તરે, ગિફ્ટ સિટી ભારતના આંતરરાષ્ટ્રીય ફાયનાન્શિયલ ગેટવે તરીકે કાર્ય કરે છે, જેની પહોંચ દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ જેવા કાર્યક્રમો અને મિલાન, ઝ્યુરિક, હોંગકોંગ, જર્મની અને ઑસ્ટ્રિયા જેવા મુખ્ય નાણાકીય કેન્દ્રો સુધી છે. ભારતમાં, તે બેંકિંગ ફોરમ (૧૦૦+ સંસ્થાઓ સાથે), વાઈબ્રન્ટ ગુજરાત, IGF મુંબઈ અને રિઈન્શ્યોરન્સ સમિટ સાથે સંકલનમાં રહીને સ્થાનિક અને વૈશ્વિક નાણાકીય નેટવર્કને એકસાથે લાવે છે.

ગિફ્ટ સિટીમાં મૂડી બજારો, બેંકિંગ, વીમો, વિમાન અને જહાજ માટેની લીઝિંગ સેવાઓ, ફિનટેક, GCC અને વૈશ્વિક યુનિવર્સિટીઓ સાથે ભાગીદારી સાથે વિવિધ નાણાકીય સેવાઓ એક છત નીચે મળી રહે છે. ૩૭થી વધુ બેંકો, ૬૫થી વધુ વીમા કંપનીઓ અને ૩૫થી વધુ એરક્રાફ્ટ લીઝિંગ કંપનીઓ સાથે, તે ઉચ્ચ-મૂલ્ય ધરાવતી નાણાકીય સેવાઓ માટે એક વિશ્વસનીય કેન્દ્ર તરીકે વિકસી રહ્યું છે અને વૈશ્વિક નાણાકીય ઈકોસિસ્ટમમાં ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવવામાં સહયોગ કરે છે. ગિફ્ટ સિટીની શરૂઆત શ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી અને ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશનમાં તેનો સતત વિકાસ કરવામાં આવ્યો છે. ભારતને વૈશ્વિક નાણાકીય કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરવાના વ્યૂહાત્મક અને લાંબા ગાળાના વિઝનને તે પ્રતિબિંબિત કરે છે.

---

# અડાલજની શૈક્ષણિક સંસ્થામાં સ્વનિર્ભતાના પાઠ: રોજ ૫૦૦થી વધુ લોકોની રસોઇ બાયોગેસ પર બને છે

## આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટે પણ ૬૦ સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાનું આયોજન

ગાંધીનગર નજીક આવેલું અહીં આવેલી વાવ માટે વિશ્વ પ્રસિદ્ધ છે. વૈશ્વિક ધરોહર ધરાવતા અડાલજમાં આવેલી એક શૈક્ષણિક સંસ્થાનાં વિદ્યાર્થીઓ રસોઇ ગેસ મામલે આત્મનિર્ભતાનાં પાઠ શીખી રહ્યા છે અને દેશને નવો રાહ ચિંધી રહ્યા છે.

અડાલજમાં આવેલા શ્રીમતી માણેકબા વિનય વિહાર શૈક્ષણિક સંકુલમાં ભણતી અને અહીં જ હોસ્ટેલમાં રહેતી ૨૫૦થી વધુ વિદ્યાર્નીઓ અને અહીં કામ કરતા પરિવારો રસોઇ ગેસ બાબતે આત્મનિર્ભર બની ગયા છે.આ સંસ્થામાં રસોઇ માટે બાયોગેસનો ઉપયોગ કરવામાં આવે છે.

ગુજરાત સરકારનાં ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA) દ્વારા 'સંસ્થાકિય બાયોગેસ પ્લાન્ટ યોજના' હેઠળ સંસ્થાઓને બાયોગસ પ્લાન્ટ સ્થાપવા માટે સબસિડી આપવામાં આવે છે. આ સંસ્થામાં પણ બાયોગેસ માટે સબસિડી આપવામાં આવી છે.

હાલ આ સંકુલમાં ૪૫ ઘટમીટર પ્રતિદિવસની ક્ષમતા ધરાવતા બે બાયોગેસ પ્લાન્ટ કાર્યરત છે. એટલે કે, કુલ ૯૦ ઘનમીટર (પ્રતિદિવસ)ની ક્ષમતાનાં બાયોગેસ પ્લાન્ટ છે. આ શૈક્ષણિક સંસ્થા વસુમતિ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત છે. તેમની પાસે મોટી ગૌશાળા છે જેમાં ૨૨૨ જેટલી ગાયો છે. સંસ્થાની હોસ્ટેલમાં ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ રહે છે અને સામુહિક ભોજનાલયમાં તેમના માટે રસોઈ બને છે.

સંસ્થાનાં વ્યવસ્થાપકોનાં જણાવ્યા અનુસાર, આ ભોજનાલયમાં રોજ ૨૫૦ વિદ્યાર્નીનીઓ માટે બે વખત જમવાનું (એટલે કે દિવસ દરમિયાન ૫૦૦થી વધુ લોકોનું) બનાવવામાં આવે છે અને આ સંકુલમાં રહેતા ૧૫ જેટલા પરિવારોની રસોઈ પણ આ બાયોગેસ પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતા ગેસમાંથી થાય છે. સંસ્થાનાં મેનેજર રાહુલ પટેલે જણાવ્યું કે, અમારી સંસ્થાને ગુજરાત સરકાર દ્વારા મળતી સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ યોજનાનો લાભ મળ્યો છે. અમે રસોઈ ગેસની બાબતમાં આત્મનિર્ભર બન્યા છીએ. અમારી પાસે ગાયો હોવાથી અમને છાણ પુષ્કળ મળી રહે છે. આ ઉપરાંત, આ ગેસ ઉત્પન્ન થયા પછી વધેલી સ્લરીનો ઓર્ગેનિક ખાતર તરીકે સંસ્થાનાં ખેતરમાં ઉપયોગ કરી સંપૂર્ણ જૈવિક ખેતી કરીએ છીએ.

સંસ્થાનાં પ્રતિનિધિઓએ જણાવ્યું કે, જો આ બાયોગેસ પ્લાન્ટ કાર્યરત ન હોય તો, સંસ્થાને મહિને ૩૦ જટેલા એલપીજી ગેસ સિલીન્ડરની જરૂર પડે પણ અત્યારે એક પણ સિલીન્ડરની જરૂર પડતી નથી. આ ઉપરાંત, બાયોગેસ પ્લાન્ટમાંથી નિકળતી સ્લરીને કારણે રાસાયણિક ખાતરની જ પણ જરૂર પડતી નથી,''.

ગુજરાતમાં આવેલી ગૌશાળાઓ, પાંજરાપોળો, શૈક્ષણિક સંસ્થાઓ અને ચેરીટેબલ ટ્રસ્ટો પાસે મોટા પ્રમાણમાં પશુધન તેમજ ખેત કચરો અને રસોઈગૃહમાંથી નીકળતો એંઠવાડ ઉપલબ્ધ રહે છે. આ તમામ જૈવિક પદાર્થોને પ્રાણવાયુની ગેરહાજરીમાં (એનેરોબિક પ્રક્રિયા દ્વારા) કોહડાવતા બાયોગેસ ઉત્પન્ન થાય છે. આ બાયોગેસનો ઉપયોગ રાંધવા માટે સસ્તો ગેસ પુરો પાડે છે. સાથે સાથે આ પ્રક્રિયા બાદ મળતું સ્લરી ઉત્તમ નાઈટ્રોજનયુક્ત સજીવ ખાતર તરીકે ખેતીમાં ઉપયોગી બને છે. ગુજરાત સરકારની ગુજરાત એનર્જી ડેવલેપમેન્ટ એજન્સી (GEDA) દ્વારા વૈકલ્પિક ઉર્જા સ્ત્રોતો માટે સંસ્થાઓને સબસિડી આપવામાં આવે છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની દિધર્દ્રષ્ટી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં ગુજરાત વૈકલ્પિક ઉર્જાનાં ઉપયોગ ક્ષેત્રે આત્મનિર્ભર બની રહ્યું છે.

રાજ્યમાં વૈકલ્પિક ઉર્જા સ્ત્રોતોને પ્રોત્સાહન આપવા તેમજ ગૌશાળા, પાંજરાપોળ, શૈક્ષણિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓમાં ઉત્પન્ન થતા જૈવિક કચરાનો વૈજ્ઞાનિક રીતે સદુપયોગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપનાની વિશેષ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સંસ્થાઓને ઊર્જા સ્વાવલંબન તરફ દોરી જવો, પર્યાવરણ પ્રદૂષણ ઘટાડવું અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. આ યોજના હેઠળ ૨૫, ૩૫, ૪૫, ૬૦ અને ૮૫ ઘનમીટર ક્ષમતા ધરાવતા પ્લાન્ટ માટે સહાય આપવામાં આવે છે. બિનનફાકીય સંસ્થાઓને કુલ મૂલ્યના ૭૫% સુધી અને નફાકીય સંસ્થાઓને ૫૦% સુધીની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે, જેથી વધુમાં વધુ સંસ્થાઓ સ્વચ્છ ઊર્જા અને સજીવ ખેતી તરફ આગળ વધે.

સમગ્ર રાજ્યમાં ૧૯૩થી વધારે સંસ્થાકીય બાયોગેસ કાર્યરત

ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સંસ્થાકીય બાયોગેસ યોજના હેઠળ કુલ રૂ. ૧૨.૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાંથી અંદાજે ૬૦ સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાની પ્રક્રિયા ચાલુ છે. આ યોજનાના અમલીકરણ માટે વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન કુલ ૧૫ એજન્સીઓને માન્યતા આપવામાં આવી છે. આ સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમ્યાનના છેલ્લા પાંચ વર્ષોમાં કુલ ૧૯૩ સંસ્થાઓમાં બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેની કુલ ક્ષમતા ૧૩૯૫૫ ઘનમીટર પ્રતિ દિવસ જેટલી થાય છે. આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટે પણ સંસ્થાકીય બાયોગેસ યોજના અંતર્ગત કુલ રૂ. ૧૨.૦ કરોડની જોગવાઈ હેઠળ અંદાજે ૬૦ બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવાનું આયોજન છે.

---

ભાવનગરના પરિવારને અકસ્માત નડ્યો

# ધંધુકા-ધોલેરા રોડ પર ડમ્પર અને કાર વચ્ચે અકસ્માતમાં ૧નું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ધંધુકા-ધોલેરા રોડ પર રોજકા પાસે ડમ્પર-ઈકો વચ્ચે ભયાનક અકસ્માત થયો હતો જેમાં એક યુવતીનું મોત થયું છે, અને અન્ય ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડાયા છે, ભાવનગરના પરિવારને આ અકસ્માત નડયો છે, સાથે સાથે ઘટનાની જાણ થતા સ્થાનિકો પણ મદદે દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી.ધંધુકા-ધોલેરા રોડ પર ડમ્પર અને ઈકો કાર સામ સામે અથડાયા હતા જેમાં એક યુવતીનું મોત થયું છે, ડમ્પર ધડાકાભેર કાર સાથે અથડાતા આ ઘટના બની હતી, ધંધુકા ધોલેરા રોડ ઉપર રોજકા ગામ પાસે આ અકસ્માત સર્જાયો હતો તો ચાર લોકોને ઈજા પહોંચતા તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. કારમાં સવાર તમામ લોકો ભાવનગર જિલ્લાના ભૂતિયા ગામના હોવાનું જાણવા મળ્યું છે, ધંધુકા અને વાગડની ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી હતી.તો ધંધુકા-રોજકા રોડ પર ડમ્પરો બેફામ રીતે દોડતા હોવાની ફરિયાદ પણ સ્થાનિકો કરી રહ્યાં છે, પોલીસે હાલમાં અકસ્માતનો ગુનો નોંધ્યો છે અને ડમ્પરના ચાલકની અટકાયત કરી છે, પોલીસે મૃતદેહને પીએમ માટે ખસેડયો છે અને પીએમ થયા બાદ મૃતદેહ પરિજનોને સોંપવામાં આવશે.

---

'શિક્ષિકાએ મને હિડન બીએફ બનાવ્યો હતો

# શિક્ષિકાના બળાત્કાર કેસમાં નવો વળાંક વિદ્યાર્થીએ વીડિયો બનાવીને ઝેર પીધું

## ડિવોર્સી શિક્ષિકા અન્ય વ્યક્તિ સાથે લિવ-ઈન રિલેશનમાં હોવા છતાં તેને હિડન બોયફ્રેન્ડ તરીકે રાખતી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં શિક્ષિકા અને વિદ્યાર્થી વચ્ચેના વિવાદમાં એક ચોંકાવનારો વળાંક સામે આવ્યો છે. શિક્ષિકા દ્વારા નોંધાવવામાં આવેલી બળાત્કારની ફરિયાદ બાદ, આરોપી વિદ્યાર્થીએ વીડિયો વાઈરલ કરી ઝેર પીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. યુવકે વીડિયોમાં આક્ષેપ કર્યો છે કે, શિક્ષિકાએ તેને 'હિડન બોયફ્રેન્ડ' બનાવી રાખ્યો હતો અને હવે વિદેશમાં સેટ થવા માટે રૂપિયા પડાવવાના આશયથી તેને ખોટી રીતે બળાત્કારની ફરિયાદમાં ફસાવીને બદનામ કર્યો છે. હાલ આ યુવક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.વિદ્યાર્થીએ વીડિયોમાં જણાવ્યું હતું કે તેની સામે થયેલી ફરિયાદ તદ્દન ખોટી છે. ડિવોર્સી શિક્ષિકા અન્ય વ્યક્તિ સાથે લિવ-ઈન રિલેશનમાં હોવા છતાં તેને હિડન બોયળેન્ડ તરીકે રાખતી હતી .યુવકના જણાવ્યા અનુસાર, શિક્ષિકા તેનાથી ઉંમરમાં ૧૦ વર્ષ મોટી છે અને સમાજમાં તેની બદનામી થવા લાગતા, વિદેશ જવા માટે રૂપિયાની જરૂરિયાત ઊભી થઈ હતી. આથી તેની પાસે પૈસાની માંગણી કરી બ્લેકમેઈલ કરવામાં આવતો હતો.

---

સાયબર ઠગે સરકારી કોન્ટ્રાક્ટરનું

# ઈ-સીમ બંધ કરાવી એક કરોડ ટ્રાન્સફર કરી લીધા

## કોન્ટ્રાક્ટરે નવું સીમકાર્ડ લઈને એકાઉન્ટન્ટ સાથે બેસીને બેંક ડિટેઈલ તપાસતા મામલો સામે આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સાયન્સ સિટી વિસ્તારમાં કન્સ્ટ્રક્શન કંપનીની ઓફિસ ધરાવીને સરકારી કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા આધેડ સાથે વિચિત્ર પ્રકારનું સાયબર ળોડ થયું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

કોઈ ગઠિયાઓએ આધેડનું ઈ-સીમ બ્લોક કરાવીને બંધ કરાવી દીધું હતું. જે બાદ નેટ બેંકિંગનો ઉપયોગ કરીને રૂપિયા ૧.૦૭ કરોડ ટ્રાન્સફર કરી લીધા હતા. આધેડે નવું સીમ કાર્ડ લઈને ઓનલાઈન બેંકની ડિટેઈલ તપાસી ત્યારે કુલ ૧૫ જેટલા ટ્રાન્ઝેક્શનથી એક કરોડ રૂપિયા જતા રહ્યા હોવાનો મામલો સામે આવ્યો હતો. જેથી આધેડે આ મામલે સાયબર ક્રાઈમને જાણ કરીને ફરિયાદ નોંધાવતા પોલીસે ટેકનિકલ એનાલિસીસ હાથ ધરીને તપાસ શરૂ કરી છે. સાયન્સ સિટી રોડ પર રહેતા ૫૩ વર્ષીય જીતેન્દ્રકુમાર પટેલ ક્રિષ્ના કન્સ્ટ્રક્શન કંપની ધરાવીને સરકારી કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. તા. ૨૧ માર્ચે મોડી રાત્રે તેમનું ઈ-સીમકાર્ડ બંધ થઈ ગયું હતું, તે સમયે નેટવર્કની સમસ્યા હોવાનું માનીને વાત ટાળી હતી. બીજા દિવસે તેમણે કંપનીમાં ફોન કરીને પૂછતા તે ઈ-સીમકાર્ડ બ્લોક કરાયું હોવાની જાણકારી મળી હતી. જેથી જીતેન્દ્રકુમાર વોડાફોન સ્ટોર પર તપાસ કરવા ગયા ત્યારે જાણવા મળ્યું કે, અજાણ્યા વ્યક્તિએ કંપનીમાં રિક્વેસ્ટ નાખીને તેમનું ઈ-સીમકાર્ડ બ્લોક કરાવી દીધું છે. જેથી તેમણે નવું ફિઝિકલ સીમકાર્ડ મેળવી પોતાનો ફોન ચાલુ કર્યો હતો. જે બાદ તા.૨૩ માર્ચે તેમના એકાઉન્ટન્ટ સાથે બેસીને બેંકની ઓનલાઈન ડિટેઈલ ચેક કરી રહ્યા હતા. ત્યારે તેમના ખાતામાંથી અલગ અલગ બેંક ખાતામાંથી અલગ અલગ ૧૫ ટ્રાન્ઝેક્શન કરીને કુલ રૂપિયા ૧.૦૭ કરોડ કપાઈ ગયા હોવાનું જાણવા મળ્યું હતું. આમ, કોઈ ઠગે તેમની જાણ બહાર નંબર બ્લોક કરાવી, નેટ બેન્કિગનો એક્સેસ મેળવી છેતરપિંડીને અંજામ આપ્યો હતો. જીતેન્દ્રકુમારે તાત્કાલિક સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કરી આ મામલે ફરિયાદ નોંધાવતા પોલીસે ટેકનિકલ એનાલીસીસના આધારે તપાસ હાથ ધરી છે.

ઠગબાજો ફિશિંગ ઈમેલ કે સોશિયલ મીડિયા દ્વારા પર્સનલ ડિટેઈલ મેળવે છે. બાદમાં ટેલિકોમ કંપનીમાં ફોન કરીને વિવિધ બહાના બતાવીને સીમ બ્લોક કરાવી દે છે. ખાનગી માહિતીઓ મેળવીને તે જ નંબરનું નવું ફિઝિકલ સીમકાર્ડ મેળવીને બાદમાં સીમ એક્ટિવેટ થયા બાદ નેટ બેન્કિંગમાં ફરગોટ પાસવર્ડ આપીને ઓટીપી મેળવીને ગણતરીના સમયમાં ખાતુ સાફ કરી નાખીને ઠગાઈ આચરતા હોવાની એમઓનો ઉપયોગ કરીને આ છેતરપિંડી આચરવામાં આવી હોવાની પોલીસને શંકા છે.